**આજનો સુવિચાર**

સમય કોઈનો સગો થતો નથી અને સગા બધા સમય જોઈને થાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૯૬ જૂનાગઢ તા.૨૭-૧૧-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 296, Junagadh : Date : 27 November, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## આગ્રા-લખનૌ એકસપ્રેસ વે પર ભયાનક અકસ્માત પાંચ ડોકટરોના મોત

લખનૌ, તા.૨૭ : આગરા લખનૌ એક્સપ્રેસ- વે પર એક મોટો અકસ્માત થયો છે. આ દુર્ઘટનામાં પાંચ ડૉક્ટરોના મોત થયા છે અને એક ડૉક્ટર ઘાયલ થયા છે. આ તમામ કારમાં લગ્ન પ્રસંગમાંથી પરત ફરી રહ્યા હતા. માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહોને કારમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ તમામ ડોકટરો લખનૌથી પરત ફરી રહ્યા હતા ત્યારે સવારે લગભગ ૪ વાગે આ અકસ્માત થયો હતો. તમામ મળતકોની ઓળખ કરી લેવામાં આવી છે. આ પાંચ ડોકટરો સૈફઈ મેડિકલ કોલેજમાં કાર્યરત હતા. આ અકસ્માત કન્નૌજના તિરવા કોતવાલી વિસ્તાર પાસે થયો હતો. તમામ તબીબો પીજી કરી રહયા હતા. એક તબીબની હાલત નાજુક હોવાનું કહેવાય છે. મૃત્યુ પામેલા ડોકટરોમાં ડો.અનિરુધ વર્મા, ડો.સંતોષ કુમાર મૌર્ય, ડો.જયવીર સિંહ, ડો.અરુણ કુમાર, ડો.નરદેવ તરીકેની ઓળખ થઈ છે.

# મોંઘવારીનો અજગર ભરડો : તેલ, લોટ, બટેટા, ચા ના ભાવ બમણા થઈ ગયા : રસોડાના બજેટ વેરવિખેર



નવી દિલ્હી, તા.૨૭ : શાકભાજીના સતત વધતા ભાવ વચ્ચે લોટ, મેદો , બ્રેડ, રિફાઈન્ડ તેલ અને ચાની પત્તીએ લોકોના રસોડાના બજેટને બગાડી નાખ્યું છે. લોટના ૧૦ કિલોના પેકેટમાં ૨૦થી ૩૦ રૂપિયાનો વધારો થયો છે. બ્રેડ પેકેટ પર પણ પાંચ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીમાં ઘણી વસ્તુઓની કિંમત બમણી થઈ ગઈ છે. વેપારીઓના જણાવ્યા મુજબ, આ દિવસોમાં લોટ અને રિફાઈન્ડ ઓઈલના વધતા ભાવને કારણે લોકો ખરીદીમાં ઘટાડો કરી રહયા છે. લોટના ૧૦ કિલોના પેકેટની કિંમતમાં લગભગ ૨૦ થી ૩૦ રૂપિયાનો વધારો થયો છે. આ સિવાય ચા પત્તીના એક કિલો પેકેટની કિંમતમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે. બે મહિનામાં રિફાઈન્ડ ઓઈલની કિંમતમાં પણ ૧૫ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થયો છે. આ સિવાય લોટના ભાવમાં પ્રતિ કિલો પાંચ રૂપિયાનો વધારો થયો છે. ગયા વર્ષે બટાટાનો ભાવ ૨૦ થી ૨૫ રૂપિયા પ્રતિ કિલો હતો. હવે તેની કિંમત ૪૦થી ૫૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. લોટના ભાવમાં હજુ વધારો થવાની આશંકા છે. લોટના ભાવમાં વધારો થવાનું મુખ્ય કારણ બજારોમાં ઘઉંની અછત છે. ગયા વર્ષે કેન્દ્ર સરકારે ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ લોટ મિલ માલિકોને ઘઉં આપ્યા હતા, પરંતુ આ વર્ષે એવું થયું નથી. આ કારણે બજારમાં માંગ પ્રમાણે ઘઉં ઉપલબ્ધ નથી, જેના કારણે ઘઉં મોંઘા થયા છે.

# હિઝબુલ્લાહ-ઈઝરાયેલ વચ્ચે યુધ્ધવિરામ



### ‘યુધ્ધ માટે હથિયાર ઓછા પડી રહ્યા છે’ - નેતાન્યાહુએ યુધ્ધ વિરામનું કારણ જણાવ્યું : ૧૪ મહિના ચાલેલા યુધ્ધનો આખરે અંત : ઈઝરાયેલની વોર કેબીનેટે ૧૦-૦૧ મતથી ૬૦ દિવસની સીઝ ફાયર ડીલને મંજુરી આપી

તેલ અવી તા.૨૭ ઈઝરાયલની યુદ્ધ કેબિનેટે લેબનનમાં ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે ૬૦ દિવસના યુદ્ધવિરામ કરારને મંજૂરી આપી છે. ગત મોડી રાત્રે આ અંગે કેબિનેટની બેઠક યોજાઈ હતી. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ યુદ્ધવિરામ યોજનાને પહેલા જ મંજૂરી આપી દીધી છે.

અમેરિકાનાં રાષ્ટ્રપતિ બાઈડને આ યુદ્ધવિરામને ’સારા સમાચાર’ ગણાવ્યા છે. તેમણે વ્હાઈટ હાઉસના રોઝ ગાર્ડનમાંથી સંબોધન કર્યું હતું. તેમાં તેણે કહ્યું કે ઈઝરાયલ અને લેબનનની સરકારોએ ’ઈઝરાયલ અને હિઝબુલ્લા વચ્ચેના વિનાશક સંઘર્ષને સમાપ્ત કરવાના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે.

નેતાન્યાહુએ યુધ્ધવિરામ માટે એવું કારણ જણાવ્યું છે કે, યુધ્ધ માટે હથિયારો ઓછા પડી રહ્યા છે.

બાઈડને કહ્યું કે બંને દેશો વચ્ચેની ડીલ હેઠળ લેબનોન-ઈઝરાયલ બોર્ડર પર લેબનોન સમય અનુસાર આજે સવારે ૪ વાગ્યે (ભારતીય સમય અનુસાર બુધવારે સવારે ૭:૩૦ વાગ્યે) યુદ્ધ બંધ કરવામાં આવશે. બાઈડને આ પગલાને કાયમી યુદ્ધવિરામ માટે લેવાયેલું પગલું ગણાવ્યું છે.


**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે

:: કોન્ટેક ::

મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫


# મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદનું કોકડું ગુંચવાયુ : શિંદે જુથ આડુ ફાટયું

મુંબઈ તા.૨૭: મહારાષ્ટ્રની વિધાનસભા ચુંટણીમાં મહાયુતીના મહાવિજયના પાંચ દિવસ બાદ પણ હજું મુખ્યમંત્રી કોણ બનશે તે વિવાદનો ઉકેલ નહી આવતા ભાજપ પર શિવસેના શિંદે જૂથ તથા એનસીપી અજીત પવાર જૂથનું દબાણ હોવાનું બહાર આવ્યું છે.

જો કે ભાજપના સૂત્રોએ કહ્યું કે, વર્તમાન મુખ્યમંત્રી એકનાથ શિંદે તથા તેમના જુથને મનાવવાના પ્રયાસો ચાલુ છે પણ મુખ્યમંત્રી પદ માટે દેવેન્દ્ર ફડનવીસ જ નિશ્ચિત છે અને એકનાથ શિંદેએ પદ છોડવા તૈયાર રહેવું પડશે. ભાજપ હવે આજે અથવા કાલ સુધીમાં પક્ષના બે સીનીયર નેતાઓને મહારાષ્ટ્રમાં નિરીક્ષક તરીકે મોકલીને સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્વક પાર પડે તે નિશ્ચિત કરશે.

શિંદે જૂથ બિહારનું દ્રષ્ટાંત આપી ઓછી બેઠકો હોવા છતાં ભાજપે જે રીતે નિતીશકુમારને મુખ્યમંત્રી તરીકે જવાબદારી સોંપી છે. તે ફોર્મ્યુલા મહારાષ્ટ્રમાં આગળ અપનાવવા આગ્રહ કરે છે પણ ભાજપે બિહારની રાજકીય સ્થિતિ અલગ હોવાનું જણાવી તે ફોર્મ્યુલા ફગાવી છે.

આજે વહેલી સવારે બનેલી ઘટના

# સુરત નજીક લકઝરી બસ ખાડીમાં ખાબકી એક નું મોત : ૨૦ મુસાફરો ઈજાગ્રસ્ત

સુરત તા.૨૭ સુરતના કોસંબા નજીક નેશનલ હાઈ-વે ૪૮ પર આજરોજ વહેલી સવારે પાંચ વાગ્યે એક મુસાફરો ભરેલી લકઝરી બસ ખાડીમાં ખાબકી હતી. બસ એકાએક રોડથી નીચે ઘસી જતાં તમામ મુસાફરો ઊંઘમાં જ દબાઈ ગયા હતા. લોકોની બુમાબુમ સાંભળીને રસ્તે જતાં અન્ય વાહનચાલકોએ પોતાનું વાહન રોકી ફાયર વિભાગ અને પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ સુરત ફાયરની ઈમર્જન્સી ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આ અકસ્માકમાં બસના કેબીનના ભાગનું તો પડિકું વળી ગયું હતું અને તેમાં ફસાયેલા બેથી ત્રણ લોકો કણસી રહ્યાં હતાં. તો સાથે બસમાં પણ કેટલાંક લોકો ફસાયેલા હોવાથી ફાયરની ટીમ દ્વારા બસનાં પતરાં કાપી અને પહોળા કરી ૪૦ મુસાફરોનું રેસ્ક્યૂ કરી તમામને બહાર કાઢ્યા હતા. આ ભયાનક અકસ્માતમાં એક યુવક અને એક મહિલાની હાલત ગંભીર હતી, જેમાં યુવક સંદીપ રામદાસ બાવિસ્કર ઉં.વ.૪૫નું સિવિલમાં સારવાર દરમિયાનમાં મોત નીપજ્યુ છે. હાલમાં ૨૦થી વધુ મુસાફરો સ્મીમેર હોસ્પિટલમાં, જ્યારે ૭ જેટલા સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. બસના ડ્રાઈવરને ઝોકું આવી જતા બસ ખાડીમાં ખાબકી હોવાની આશંકા સેવવામાં આવી રહી છે.

# સંસદમાં બીજા દિવસે પણ ભારે હોબાળો અદાણી મુદ્દે લોકસભાની કાર્યવાહી સ્થગિત

નવી દિલ્હી તા.૨૭ સંસદના શિયાળુ સત્રનો આજે બીજો દિવસ છે. લોકસભામાં સવારે ૧૧ વાગ્યે કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષે અદાણી મુદ્દે ભારે હોબાળો મચાવ્યો હતો. લોકસભા અધ્યક્ષે ગૃહને બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધું હતું.

ગઈકાલે સત્રના પહેલા દિવસે પણ રાજયસભાના ઉપાધ્યક્ષ જગદીપ ધનખડ અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

ગઈકાલે પણ લોકસભાની કાર્યવાહી પણ પૂર્ણ થઈ શકી ન હતી. અદાણી મુદ્દે વિપક્ષી નેતાઓએ હોબાળો મચાવ્યો હતો.

# ભૂગર્ભ જળ ખેંચાવાને કારણે પૃથ્વી ૩૧ ઈંચ નમી ગઈ - મોટું નુકશાન સંભવ

સિયોલ તા.૨૭ માણસની ગતિવિધીઓના કારણે પૃથ્વી પણ ઝુકવા લાગી છે. અનુમાન છે કે, વર્ષ ૧૯૯૩ થી ૨૦૧૦ દરમ્યાન પૃથ્વી ૩૧.૫ ઈંચ સુધી ઝુકી ગઈ છે. દક્ષિણ કોરિયાનાં સિયોલ નેશનલ યુનિવર્સીટીનાં વૈજ્ઞાનિકોએ સંશોધનોમાં દાવો કર્યો છે કે, તેમનું સંશોધન જિયોફિઝીકલ રિસર્ચ લેટરમાં પ્રકાશિત થયુ છે. મુખ્ય સંશોધક અને પૃથ્વી વૈજ્ઞાનિક કિ વેયોન સેવનું કહેવુ છે કે, જમીનમાંથી પાણી ખેંચી લેવાની બાબત પૃથ્વીના ઝુકાવનું સૌથી મોટુ એક કારણ છે. સંશોધન મુજબ ૧૯૯૩ થી ૨૦૧૦ એટલે કે ૧૭ વર્ષમાં દુનિયાભરમાંથી ૨૧૫૦ ગીગાટન જળ કાઢવામાં આવ્યું છે. તેનું સીધુ નુકશાન પૃથ્વીની સંતુલન પ્રણાલીને થઈ રહ્યું છે.પૃથ્વી પોતાના અક્ષ પર લગભગ ૨૩.૫ ડીગ્રી ઝુકી ગઈ છે.

આ ઝુકાવ કાયમી છે. આ ઝુકાવ લાખો વર્ષોમાં ખૂબ જ ધીરે ધીરે બદલે છે. પરંતુ દૈનિક આધાર પર તે સ્થિર રહે છે. પૃથ્વીના ઝુકાવના કારણે જ આપણને જુદી જુદી ઋતુઓનો અનુભવ થાય છે. સંશોધન અનુસાર ભારત, ઉતરી અમેરિકા, ઉતર પશ્ચિમી દેશોમાં આ પ્રક્રિયા સૌથી વધુ થઈ રહી છે. આ પરિસ્થિતિમાં વૈજ્ઞાનિકોનું અનુમાન છે કે, હવામાન ગતિવિધીથી મોટુ નુકશાન સંભવ છે.


**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે

આ ખોટા વખાણ નથી હો.. આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ

મો. ૯૩૭૬૬૦ ૫૫૬૨

નવા વર્ષની હાર્દિક શુભેચ્છા...

**અગ્રણી બિલ્ડર પરબતભાઈ ડાંગર**

મો. ૯૪૨૮૪ ૪૦૫૯૫

CARE+ LABORATORY

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005

અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

કિંમત 2870/- માત્ર 749/-

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,ક્લોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - એનેમિયામાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ

કિંમત 5060/- માત્ર 1349/-

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

સોફાસેટ...સોફાસેટ...સોફાસેટ...

તમારૂ મનમાનીતુ, મનગમતુ, આર્કષક, લેટેસ્ટ, તમારા બજેટમાં અને વ્યાજબી ભાવમાં સોફાસેટ


આપની સાઈઝ મુજબ ઓર્ડરથી સોફાસેટ બનાવી આપશું તેમજ રીપેરીંગ કરી આપશું




૧૫ દિવસ સુધી ઓફર માન્ય

જૂનાગઢ. મો.- 97734 39187

નવા વર્ષની હાર્દિક શુભેચ્છા...
અમિત પટેલ
મો. ૯૯૭૪૧ ૬૪૩૩૧ / ૭૬૯૮૭ ૬૪૩૩૧




IT ZONE

દરેક પ્રકારનાં કોમ્પ્યુટર સીસ્ટમ, હાર્ડવેર અને મટીરીયલ્સ

૮ - સ્ટાર કોમ્પ્લેક્ષ, એસ.ટી. રોડ, જૂનાગઢ
E-mail : itzone_jnd@ymail.com
Web : www.itzonejnd.com

હાર્દિક શુભેચ્છા...
કેયુરભાઈ - મો. ૯૮૨૪૨ ૮૪૩૫૭
અતુલભાઈ - મો. ૯૯૨૪૧ ૨૦૨૭૦




હર્બલ તથા રો-મટીરીયલનાં વેપારી

‘‘ગાંધી’’
જમનાદાસ ગોરધનદાસ વિઠલાણી
રામ મંદિર સામે, પંચહાટડી ચોક, જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૨૧૧૭૫૭

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર

હરિ-કલા +
યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો





CMYK

ભારતના ખેડૂતો, ભારતની ભૂમિ, ભારતના પર્યાવરણની પ્રકૃતિ અને ભારતના નાગરિકોના આરોગ્યના કલ્યાણ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દુરંદેશીભર્યા નેતૃત્વને કારણે

# રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનથી સૌને આરોગ્યપ્રદ અને સુરક્ષિત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ થશે, ખેડુતો-કૃષિક્ષેત્રને નવીદિશા, ભારતના સ્વર્ણિમ યુગની આ ઐતિહાસિક પહેલ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી



## નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી પ્રાકૃતિક ખેતીને સમગ્ર દેશમાં મિશન મોડમાં અમલી કરવા બદલ અંતઃકરણપૂર્વક આભાર માન્યો

(પ્રતિનિધિ દ્વારા)


રાજકોટ તા.૨૭

રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનની આ પહેલ ભારતના ખેડૂતો, ભારતની ભૂમિ, માટે જ સિમિત નહીં રહે પરંતુ ભારતના પર્યાવરણની પ્રકૃતિ અને ભારતના નાગરિકોના આરોગ્યના કલ્યાણ માટે ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનની ઐતિહાસિક પહેલ કરીને ભારતના સ્વર્ણિમ યુગની શરૂઆત કરી છે. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળીને પ્રાકૃતિક કૃષિને મિશન મોડમાં દેશવ્યાપી બનાવવા બદલ તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનતાં જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક પહેલ ભારતના ખેડુતો અને કૃષિ ક્ષેત્રને નવી દિશા આપશે ને આરોગ્યપ્રદ અને સુરક્ષિત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ થશે. ખેડૂતોનો ખેતી ખર્ચ અને બહારના ઈનપુટ પરની નિર્ભરતા ઘટશે. જમીનના આરોગ્ય અને જૈવ વૈવિધ્યમાં પણ સુધારો થશે. આ મહત્ત્વના નિર્ણય માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનો હૃદયપૂર્વક આભાર માનતાં તેમણે કહ્યું કે, આ યોજના પ્રધાનમંત્રીના દુરંદેશીભર્યા નેતૃત્વને કારણે જ શક્ય બની છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય હસ્તક રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન(NMNF)ને સ્વતંત્ર કેન્દ્ર પ્રાયોજિત યોજના તરીકે મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાથી પ્રાકૃતિક ખેતીને મિશન મોડમાં પ્રોત્સાહન આપવામાં આવશે. આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, આ નિર્ણય અનુસાર પ્રાકૃતિક ખેતીને સમગ્ર દેશમાં અમલી કરવા માટે કુલ રૂા.૨૪૮૧ કરોડનું બજેટ નિર્ધારિત કરવામાં આવ્યું છે, જેમાંથી રૂા.૧૫૮૪ કરોડ કેન્દ્ર સરકાર અને રૂા.૮૯૭ કરોડ રાજ્ય સરકારો દ્વારા ખર્ચ કરવામાં આવશે. આ મિશન અંતર્ગત ૧૦,૦૦૦ જૈવિક-ઈનપુટ રિસોર્સ સેન્ટર્સની સ્થાપના કરવામાં આવશે, જેથી ખેડુતોને પ્રાકૃતિક ખેતી માટે જરૂરી સંસાધનો ઉપલબ્ધ થઈ શકે. કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, કૃષિ વિશ્વવિદ્યાલયો અને ખેડુતોના ખેતરોમાં પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મ વિકસાવવામાં આવશે. મિશનના લાભોની વાત કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનથી સૌને આરોગ્યપ્રદ અને સુરક્ષિત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ થશે. ખેડૂતોનો ખેતી ખર્ચ અને બહારના ઈનપુટ પરની નિર્ભરતા ઘટશે. જમીનના આરોગ્ય અને જૈવ વૈવિધ્યમાં પણ સુધારો થશે. આ યોજનાથી સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતીનો ફેલાવો થશે, ગ્રામ પંચાયતોના ૧૫,૦૦૦ ક્લસ્ટર્સ મારફતે ૧ કરોડ ખેડૂતો સુધી પ્રાકૃતિક ખેતી પહોંચશે અને દેશના ૭.૫ લાખ હેક્ટર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કાર્યાન્વિત થશે. પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આ મિશન ખેડૂતોના જીવનધોરણમાં સુધારો લાવશે, જૈવવૈવિધ્યની રક્ષા કરશે. જૈવિક ખેતીનો મુખ્ય ઉદ્દેશ જમીનમાં સેન્દ્રિય પદાર્થ ઉમેરીને જમીનમાં પોષક તત્વો, જમીનની ગુણવત્તામાં સુધારો થાય છે. એકંદરે જમીનના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે. વધુમાં, તે ઉપરની જમીનમાં સૂક્ષ્મ જીવો ઉમેરે છે જે કાર્બનિક પદાર્થોને વિઘટન કરવામાં મદદ કરે છે. કૃષિ પ્રાકૃતિક કૃષિ મિશન ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં ઐતિહાસિક પગલું દર્શિત થશે.

# જૂનાગઢ GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે મેડીકોસ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ તથા દેહદાન કરવા અંગેનો વર્કશોપ

## મૃત્યુ પછીનું મહાદાન એટલે દેહદાન : ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ (તબીબી અધિક્ષક)





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ મેડિકોસ ફાઉન્ડેશન પ્રોજેક્ટ ચેરમેન સંજય બુહેચાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, જૂનાગઢની જી.એમ.ઈ. આર.એસ. મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે આવેલ રૂમ નંબર ૨૦૯, લેક્ચર હોલમાં તારીખ ૨૬-૧૧-૨૦૦૮ના રોજ મુંબઈ ખાતે થયેલ આંતકવાદી હુમલામાં જે નિર્દોષ લોકો મૃત્યુંને ભેટ્યા હતા. એ તમામ મૃત્યું પામેલા લોકોની આત્માને શાંતિ અર્થે મેડિકોસ ફાઉન્ડેશનના પ્રમુખ ડો. રાજન ભાદરકાની આગેવાની હેઠળ મનીષભાઈ હડિયા, મિહિરભાઈ મહેતાની રાહબરી હેઠળ શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં જૂનાગઢ જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ડીન ડો. હનુમંત આમને, તબીબી અધિક્ષક ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ, આસિસ્ટન્ટ તબીબી અધિક્ષક ડો. દિગંત સિકોતરા, એનાટોમી વિભાગના એચ.ઓ.ડી. ડો. મેહુલ ટંડેલ, ડો. ઉર્વીક કુકડીયા, નર્સિંગ ઈન્ચાર્જ, નર્સિંગ સ્ટાફ, પેરા મેડિકલ સ્ટાફ, નર્સિંગ સ્ટુડન્ટ સહિતના લોકોએ બહોળી સંખ્યામાં હાજરી આપી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ હતી. શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત તમામ અધિકારીગણ તથા કર્મચારીગણઓએ દેહદાન કરવા અને કરાવવા અંગેના શપથ લીધા હતા અને એમાંથી અમુક વ્યક્તિઓએ દેહદાન કરવા અંગેના સંકલ્પ પત્રો ભરવાની સંમતિ આપી હતી. ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટે કાર્યક્રમને અનુલક્ષીને પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. ડો. મેહુલ ટંડેલે દેહદાન કરવા અંગેનું માર્ગદર્શન પૂરૂ પાડેલ હતું. ડો. ઉર્વીક કુકડીયાએ દેહદાન વિશે વિશેષ માહિતી જોઈતી હોય તો કોલેજના એનાટોમી વિભાગનો સંપર્ક કરવા જણાવેલ હતું. જ્યારે મનીષભાઈ હડિયા અને મિહિરભાઈ મહેતાએ ઉપસ્થિત તમામ અધિકારીગણ તથા કર્મચારીગણઓનો આભાર વ્યક્ત કરેલ હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. વનરાજ પરમાર, સુભાસ હાડગરડા, રક્ષીત ચાંડેરા, ભાર્ગવ મહેતા સહિતના લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્મનું સંચાલન નર્સિંગ સ્ટાફ મોનીકાબેને કરેલ હતું તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# રાજકોટમાં ઈન્ટેક દ્વારા વારસાગત વિવિધતાને ઉજાગર કરવા સ્થાપત્યકળા વિશે વાર્તાલાપ, લાઈવ સ્કેચિંગ, સંગીત સંધ્યા સહિત પાંચ કાર્યક્રમો દ્વારા 'વિશ્વ વારસા સપ્તાહ'ની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮

દરેક નાગરિક સાંસ્કૃતિક ધરોહર વિશે માહિતગાર થાય આ વિચાર સાથે યુનેસ્કો દ્વારા સમગ્ર વિશ્વની વારસાગત વિવિધતાને લોકો સમક્ષ ઉજાગર કરવાના હેતુસર પ્રતિ વર્ષ તા. ૧૯થી ૨૫ નવેમ્બરને 'વિશ્વ વારસા સપ્તાહ' તરીકે ઉજવવામાં આવે છે. રાજકોટમાં INTACH(ઈન્ટેક - ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ) દ્વારા સમગ્ર સપ્તાહ દરમિયાન આપણા વારસાની જાગૃતિ અર્થે પાંચ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં રોઝરી સ્કૂલના વિદ્યાર્થીઓને સંસ્થાના સભ્ય આકાશ ભટ્ટ દ્વારા સૌરાષ્ટ્રના પ્રાકૃતિક વારસાની માહિતી પ્રદાન કરવામાં આવી હતી. ગાર્ડી વિદ્યાપીઠ ખાતે કાર્યરત પ્રો.શ્રી ચેતસ ઓઝાએ મેનેજમેન્ટ અને કોમ્પ્યુટર એપ્લીકેશનના વિદ્યાર્થીઓને કલ્ચરલ હેરિટેજ ઓફ સૌરાષ્ટ્ર વિશે જાણકારી આપી હતી. સર્કિટ હાઉસ ખાતે મનોજ ગોહિલ તથા કાવ્યા માંકડ દ્વારા સ્થાપત્યકળા વિશે વાર્તાલાપ અને લાઈવ સ્કેચિંગનું સેશન યોજવામાં આવ્યું હતું. તેમજ રશ્મિ દત્તાણી તથા વેદાંશી ઢોલરિયાએ ટાય એન્ડ ડાય વર્કશોપનું આયોજન કર્યું હતું. આ ઉપરાંત, લોકોને મીર પરંપરાની લૂપ્ત થતી ગાયિકી વિશે માહિતગાર કરવા બિકાનેર રાજસ્થાનથી આવેલા લોકગાયક શ્રી મીર બસુ ખાન અને તેમની મંડળી દ્વારા સંગીત સંધ્યામાં ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ ટી.જી.ઈ.એસ.ના સહયોગથી સવાણી સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટસ ખાતે ૨૫ નવેમ્બરને સોમવારે યોજાયો હતો. જેનું ઉદ્દઘાટન શિક્ષણવિદ ડો. અનામિક શાહ અને કલા મર્મજ્ઞશ્રી જયેશ શુક્લના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કલારસિકો, સંગીતપ્રેમીઓ અને શબ્દસાધકો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે રાજકોટ ચેપ્ટરના અધ્યક્ષ રિદ્ધિ શાહએ જણાવ્યું હતું કે સમગ્ર રાજકોટ જિલ્લા અને સૌરાષ્ટ્ર પ્રદેશના વિવિધ સાંસ્કૃતિક અને સ્થાપત્યના વારસાને એના મૂળ સ્વરૂપે જાળવી રાખવા માટે લોકોમાં તેના વિષે જાણકારી આપવી ખૂબ જ જરૂરી છે, અને ઈન્ટેક રાજકોટના સભ્યોના સહિયારા પ્રયાસો થકી આવા કાર્યક્રમ અમે કરી શકીએ છીએ, જેમાં પ્રજાજનોનો પ્રેમ અમને મળે છે. તેમજ તેમણે લોકોને વિશ્વની વારસાગત વિવિધતાની વિરાસતની જાળવણીમાં સહયોગ આપવા અપીલ કરી હતી.

# ઊના લુહાણા સમાજના પ્રમુખ ડો. મનોજ માનસેતાની નિમણુંક



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૭

છેલ્લા ઘણા વર્ષથી ઉના લોહાણા સમાજમાં સાધરણ સભા થયેલ ના હોવાથી ગત મહિને સાધારણ સભા ઉના જલારામ વાડી ખાતે ૨૭ ઓક્ટોબરના રોજ લોહાણા સમાજની મીટીંગ બોલાવેલ જેમાં નવી કારોબારી સભ્યની નિમણુંક થયેલ જેમાં બિનહરીફ ૨૧ ઉના લોહાણા મહાજનના સભ્યની નિમણુંક કરવામાં આવેલ જેમાં પ્રમુખ, ઉપપ્રમુખની નિમણુંક કરવાની બાકી હતી જે તા.૨૬-૧૧-૨૦૨૪ના રોજ નવી નિમણુંક થયેલ ઉના લોહાણા મહાજનની કારોબારી સભ્યની મીટીંગ બોલાવાયેલી જેમાં પ્રમુખ પદે ડો. મનોજ માનસેતા, ઉપપ્રમુખ પદે રસિકભાઈ તન્ના તથા મંત્રી તરીકેની ભવ્યભાઈ પોપટની વરણી થયેલ હતી. જેમાં કારોબારી સભ્ય તરીકે અશોકભાઈ કોટેચા, ચિંતન ગઢીયા, નયન રાયઠઠ્ઠા, જયેશ ગોંધીયા, રાજુભાઈ પાંધી, દિનેશભાઈ ભૂપતાની, વિવેકભાઈ રાજા, જેન્તીભાઈ નથવાણી, જીતુભાઈ પંડત, કાંતિભાઈ છગ, કિરીટભાઈ ગટેચા, નટુભાઈ રાચ્છ, કિશોરભાઈ જોબનપુત્રા, દિનેશભાઈ રતનધાયરા, મનદીપભાઈ પોપટ, વિજયભાઈ ભાયાણી, દકુભાઈ કાનાબાર અને વિપુલભાઈ દાવડા થયેલ જેની સમગ્ર રઘુવંશી સમાજમાં દિવાળી જેવો માહોલ સાથે ખુશી છવાય ગયેલ હતો.

# જૂનાગઢ ગાયત્રી શક્તિપીઠ ખાતે ભાગવત સપ્તાહનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ ગાયત્રી શક્તિપીઠ પરિવાર, સત્યમ સેવા યુવક મંડળ, સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ સમાજ તથા શ્રી તક્ષશિલા એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ૧૦૧ શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલ છે. જે તારીખ ૨૨-૧૧-૨૦૨૪ થી ૨૯-૧૧-૨૦૨૪ સુધી આ ભાગવત કથાનો સર્વ ધર્મપ્રેમી જૂનાગઢની જાહેર જનતાને આ ભાગવત સપ્તાહનો લાભ લેવા શ્રી રવિભાઈ દવે મોણપરી વાળા આ ભાગવત સપ્તાહનું જ્ઞાન પીરસી રહ્યા છે. આ ભાગવત સપ્તાહની અંદર જે પોતાની ઘરે ભાગવત સપ્તાહનું આયોજન કરી શકે તેમ નથી એવા પરિવારો માટે ફક્ત ૯૫૧ રૂપિયામાં પાટલાનું આયોજન કરેલ છે જેમાં ૧૦૧ પાટલા યોજાયેલ છે.

જેમાં દરરોજ ૧૦૦૦થી પણ વધુ લોકો પ્રસાદી લે છે તો આ ભાગવત સપ્તાહનો લાભ લેવા જાહેર જનતાને વિનંતી છે. આ ભાગવત સપ્તાહને સફળ બનાવવા માટે ગાયત્રી શક્તિપીઠ પરિવારના નાગભાઈ વાળા, સત્યમ સેવા યુવક મંડળના મનસુખભાઈ વાજા, શ્રી સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ સમાજના પ્રફુલભાઈ ત્રિવેદી, તક્ષશિલા એજ્યુકેશન ટ્રસ્ટના અશોકભાઈ ભટ્ટ વગેરે સેવા આપી રહ્યા છે.

# દ્વારકા શારદાપીઠની વિદ્યાર્થીની દિલ્હી ખાતે ગણતંત્ર પરેડમાં જશે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

આગામી તા. ૨૬ જાન્યુ ૨૦૨૫ માં દિલ્હી ખાતે યોજાનારી ગણતંત્ર પરેડમાં દ્વારકા શારદા પીઠ કોલેજની એન.સી.સી.ની સ્ટુડન્ટની પસંદગી કરાઈ છે. દિલ્હી ખાતે આગામી ગણતંત્ર દિવસ નિમિત્તે તા. ૨૬ જાન્યુ. ૨૦૨૫ ના રોજ દેશના રાષ્ટ્રપતિ જ્યારે રાષ્ટ્ર ધ્વજ ફરકાવશે, ત્યારે પરેડ માટે દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના નાના એવા ભાટિયા ગામની શીતલ રાઠોડ આ પરેડમાં ભાગ લેશે. શીતલની આ પરેડ માટે પસંદગી કરાઈ છે. સતત બે માસની સખત મહેનત બાદ શીતલ રાઠોડની પસંદગી થતાં શીતલનું સ્વપ્ન પૂરું થશે તેમ જણાવી, આ વિદ્યાર્થિની આર્મીમાં જોડાવા ઈચ્છે છે તેઓ પ્રતિભાવ તેણે વ્યક્ત કર્યો છે. શીતલ હાલ માતાપિતાની છત્ર છાયા વિના કાકા-કાકી સાથે રહે છે. અને આ સંઘર્ષ માટે તે તેમના માતપિતા અને એન.સી.સી. કેપ્ટન પી.કે. વંકરને આભારી હોવાનું તેણીએ જણાવ્યું છે. ત્યારે આ પસંદગીથી તેણીએ દ્વારકા જિલ્લા અને શારદાપીઠ કોલેજનું ગૌરવ વધાર્યું છે.

# ખંભાળિયામાં જિલ્લા પોલીસના વાર્ષિક ઈન્સ્પેક્શન સંદર્ભે રેન્જ આઈ.જી.ની ખાસ બેઠક યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

રાજકોટ વિભાગના રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવનું મંગળવારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગમન થયું છે. વાર્ષિક ઈન્સ્પેક્શન સાથે તેમણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અનુલક્ષીને ખંભાળિયામાં આગેવાનો સાથે ખાસ બેઠક યોજી હતી. આ મહત્વની બેઠકમાં અહીંના આગેવાનો, સ્થાનિક અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ તેમજ કાર્યકરોની ઉપસ્થિતિમાં આઈ.જી. અશોકકુમાર યાદવ દ્વારા વિવિધ મુદ્દે ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી. આ બેઠકમાં સંબોધન કરતા તેમણે જણાવ્યું હતું કે દ્વારકા જિલ્લા પોલીસ વિભાગ દ્વારા ખાસ કરીને દરિયાઈ સુરક્ષા તેમજ જગત મંદિરની સુરક્ષા પર ભાર આપવામાં આવશે. સાથે સાથે આ અંગે નવા એક્શન પ્લાન પણ અમલમાં મૂકવામાં આવશે. સંવેદનશીલ એવા દ્વારકા જિલ્લાના સરહદી વિસ્તારના લોકોએ વિવિધ મુદ્દે પોલીસને સહયોગ આપવા તેમજ કોઈપણ પ્રકારની દેશદ્રોહી પ્રવૃત્તિ કે આવી કોઈ પણ માહિતી મળે તો તુરંત જ સ્થાનિક પોલીસનો સંપર્ક સાધવા અપીલ કરી હતી.

# સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મસમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ જિલ્લા પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં વિક્રમ સંવત ૨૦૮૧ નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમમાં સૌ.ક. સમસ્ત બ્રહ્મ સમાજનાં જૂનાગઢ જિલ્લાના તમામ હોદેદારો, પદાધિકારીઓ અને શુભેચ્છકોને પધારવા સાદર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

સાથોસાથ જિલ્લા બ્રહ્મ સમાજ કારોબારી તેમજ દર માસ શિવરાત્રીએ આયોજિત "રૂદ્રાભિષેક શિવ પૂજન"નું આયોજન તા.૨૯-૧૧-૨૦૨૪ના સાંજે ૪ કલાકથી શ્રી ગાયત્રી શક્તિ પીઠ, ગાયત્રી મંદિર, ભવનાથ રોડ, જૂનાગઢ ખાતે કરવામાં આવેલ છે. રૂદ્રાભિષેક, શિવ પૂજન તેમજ સ્નેહમિલન કાર્યક્રમમાં જૂનાગઢ જીલ્લાના બ્રહ્મબંધુઓને પધારવા સૌ.ક. સમસ્ત બ્રહ્મસમાજના મહામંત્રી કિરણભાઈ પુરોહિત દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# ઊના પીઆઈ રાણાની રાજકીય ઈસારા સાથે એક તરફી કામગીરી થતી હોવાનું લોકો માહોલ કે પછી સત્ય બીજું કાય !!

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૭

છેલ્લા ઘણા સમયથી ઉનામાં કાયદો અને વ્યસ્થા કથળી ગય હોવાનું માહોલ છવાયો હોવાનું ઉનામાં ચર્ચાએ જોર પકડેલ જ્યારથી ઉનામાં પીઆઈ રાણાને ગીર સોમનાથ એલસીબીમાંથી ઉના પોલીસ સ્ટેશનમાં બદલી કરીને લાવેલ ત્યારથી આજદિન સુધી કોઈ એક રાજકીય ઈસારે ઉના પોલીસ સ્ટેશન ચાલતું હોય તેવું દર્શાય રહેલ હોવાનું લોકોમાં ચર્ચાનો વિષય જ્યારે બીજી બાજુ ઉના શહેરમાં નાયબ પોલીસ અધિક્ષકની કચેરી બની છે પરંતુ શોભાના ગાઠીયા સમાન હોવાનું દેખાય આવે છે અનેક ઉના પોલીસના નેજા હેઠળ ગેર પ્રવુતિ ચાલતી હોવાની ધ્યાને આવેલ છે અને અનેક ACB જેવા ગંભીર ગુન્હા પણ પણ પોલીસના પોલીસ ચોપડે ચડેલ છે જેમાં ઊંડાણ પૂર્વક તપાસ થયેલ ન હોવાથી હજુ ઘણાના રોટલા શેકાણા નથી અન્યથા હજુ એ ગુન્હામાં ઘણા અધિકારીના રોટલા શેકાય શકત પરંતુ આખરે ACBની તપાસ પણ એક પોલીસ કરતી હોવાથી સરકાર અને પોલીસને નીચું ના જોવાના હિસાબે ભીનું સંકેલી લીધેલ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળેલ જ્યારે હવે જોવાનું એ રહેશે કે ઉના પીઆઈ રાણાના નેજા હેઠળ કાયદો અને વ્યવસ્થા સુધરશે કે પછી બગડશે!!! એતો હવે આવનારા દિવસોમાં ખ્યાલ આવશે.

# ઉના ગુરૂકુલ કોલેજનું ગૌરવ વધારતી અંજલી ઝાલા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૭

તાજેતરમાં વર્ષ ૨૦૨૪-૨૫ અમરેલી મુકામે યોજાયેલ સૌરાષ્ટ્ર ઝોન-પ્રદેશ કક્ષાના યુવા મહોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઊના ગુરૂકુલરના કોલેજ વિભાગના બી.એડ.ના તાલીમાર્થી બહેન અંજલી ઝાલા પાદપૂર્તિ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી કોલેજને ગૌરવ અપાવે છે. તેમને અધ્યેષ્ઠા પૂ. સ્વામીજી પરમ આશીર્વાદ પાઠવે છે. કોલેજના સૌ અધ્યાપકો અભિનંદન પાઠવે છે. તેઓ હવે રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે. કોલેજના નિયામક તથા આચાર્ય અને અધીક્ષક કિશોરભાઈ વડાલિયા શુભેચ્છાઓ પાઠવે છે. ગત વર્ષે આ જ કોલેજના નીરાલીબહેન વકતૃત્વ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ અને દિશા સાંખટ રાષ્ટ્ર કક્ષાએ પ્રથમ નંબરે ઝળકયાં હતાં.

# ખંભાળિયામાં સંવિધાન દિવસની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં "આપ"ના આગેવાનો દ્વારા ગઈકાલે મંગળવારે સંવિધાન દિવસ અને આમ આદમી પાર્ટીના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ખંભાળિયામાં ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર પહેરાવવામાં આવેલ હતાં.

# આનંદધારા પ્રોજેક્ટનો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૭

ચાપરડાના સંત પૂજ્ય મુક્તાનંદજી બાપુની પ્રેરણાથી અને પૂર્વ શિક્ષણ નિયામક પંડિત સંચાલિત આનંદધારા પ્રોજેક્ટના મધ્યસ્થ કાર્યાલયનો ગુપ્ત પ્રયાગ મુકામે પ્રારંભ કરવામાં આવ્યો છે.

## અવસાન નોંધ

વિસાવદર : વિસાવદર નિવાસી રવિરાય કનકરાય જોશી(ઉ.વ.૮૧) સાઠોદરા નાગર બ્રાહ્મણનું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓ મનોજભાઈ શાસ્ત્રી, એડવોકેટ નયનભાઈ જોશી તથા દેવાંગભાઈ જોશી એડિશનલ સિનિયર જજ-અમદાવાદ તથા રીટાબેન જોશીના પિતા થતા હતા.

# વેરાવળની ક્રિસ્ટલ સ્કૂલ ખાતે 'બંધારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી

## પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ અને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ



ગીર સોમનાથ, તા.૨૭

ડાયરેક્ટરેટ ઓફ પ્રોસિક્યુશન, ગાંધીનગર અને ગીર સોમનાથ જિલ્લા સરકારી વકીલની કચેરી દ્વારા ૭૫ માં બંધારણ દિવસની ઉજવણી વેરાવળની ક્રિસ્ટલ સ્કૂલ ખાતે કરવામાં આવી હતી.

બંધારણ દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં બંધારણના આમુખનું સૌએ વાંચન કર્યું હતું. કાયદાના તજજ્ઞો દ્વારા બંધારણ અને તેના સિધ્ધાંતો, નાગરિકના મૂળભૂત અધિકારો અને ફરજો અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ પી.એસ.ગઢવીએ ભારતના બંધારણના પાયાના સિધ્ધાંતોને સ્તંભ ટકાવી રાખવા તેમજ સમાજ ઘડતર માટે બંધારણની જરૂરિયાત વિશે વિસ્તૃત સમજ આપી હતી. તેમણે વાણી-સ્વતંત્રતા સહિતના મૌલિક અધિકારો વિશે પણ વાત કરી હતી.

વેરાવળની ક્રિસ્ટલ સ્કૂલ ખાતે યોજાયેલ 'બંધારણ દિવસ'ની ઉજવણીના અવસરે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ સુકાન્તકુમાર સેનાપતિએ અધ્યક્ષીય સંબોધન કરતાં જણાવ્યું હતું કે, બંધારણના ઘડવૈયા ડો.બી.આર.આંબેડકર અને તે સમયના કાનૂનવીદોએ અનેક દેશોના બંધારણનો અભ્યાસ કરીને વિશ્વનું સૌથી મોટું અને લેખિત બંધારણ બનાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, ઉત્કૃષ્ટ એવું આ બંધારણ દેશના તમામ નાગરિકોને સમાન અધિકાર આપે છે. દેશના નાગરિકો વચ્ચે સમાનતા, બંધુતા જળવાઈ રહે તેની સાથે ભારતીય સંસ્કૃતિ પણ આગળ વધતી રહે તેનો ખ્યાલ તેમાં રાખવામાં આવ્યો છે. આ અવસરે સ્પીપા એન્ડ પી.ટી.એસ. ના વ્યાખ્યાતા ડો.કે.જે.વૈશ્નવ, કે.એમ.કોટક, ડિમ્પલબેન વ્યાસે બંધારણની રચના, સિધ્ધાંતો, મૂળભૂત અધિકારો, ફરજો સહિતની વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ પલ્લવીબેન જાની, પ્રાંત અધિકારી વિનોદ જોષી, જિલ્લા શિક્ષણ અધિકારી એમ.પી.બોરીચા, વેરાવળ બાર એસોસિએશનના પ્રમુખ એસ.એન.સવાણી, અગ્રણી મહેન્દ્રભાઈ પીઠિયા, ક્રિસ્ટલ સ્કૂલના ટ્રસ્ટી, આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં કાયદા જગતના લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુખ્ય જિલ્લા સરકારી વકીલ કેતનસિંહ ડી. વાળા દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનની ઐતિહાસિક પહેલ કરીને ભારતના સ્વર્ણિમ યુગની શરૂઆત કરી છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

## નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે મુલાકાત કરી પ્રાકૃતિક ખેતીને સમગ્ર દેશમાં મિશન મોડમાં અમલી કરવા બદલ અંતઃકરણપૂર્વક આભાર માન્યો

**રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી : રૂા.૨૪૮૧ કરોડનું કુલ બજેટ : રૂા.૧૫૮૪ કરોડ ભારત સરકાર અને રૂ.૮૯૭ કરોડ રાજ્ય સરકાર દ્વારા ખર્ચ કરાશે**



ગાંધીનગર, તા.૨૭

ભારતના ખેડૂતો, ભારતની ભૂમિ, ભારતના પર્યાવરણ અને ભારતના નાગરિકોના આરોગ્યના કલ્યાણ માટે ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનની ઐતિહાસિક પહેલ કરીને ભારતના સ્વર્ણિમ યુગની શરૂઆત કરી છે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળીને પ્રાકૃતિક કૃષિને મિશન મોડમાં દેશવ્યાપી બનાવવા બદલ તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક પહેલ ભારતના ખેડુતો અને કૃષિ ક્ષેત્રને નવી દિશા આપશે. આ મહત્ત્વના નિર્ણય માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનો હૃદયપૂર્વક આભાર માનતાં તેમણે કહ્યું કે, આ યોજના પ્રધાનમંત્રીશ્રીના દુરંદેશીભર્યા નેતૃત્વને કારણે જ શક્ય બની છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય હસ્તક રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન (NMNF)ને સ્વતંત્ર કેન્દ્ર પ્રાયોજિત યોજના તરીકે મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાથી પ્રાકૃતિક ખેતીને મિશન મોડમાં પ્રોત્સાહન આપવામાં આવશે.

આ નિર્ણય અનુસાર પ્રાકૃતિક ખેતીને સમગ્ર દેશમાં અમલી કરવા માટે કુલ રૂા.૨૪૮૧ કરોડનું બજેટ નિર્ધારિત કરવામાં આવ્યું છે, જેમાંથી રૂા.૧૫૮૪ કરોડ કેન્દ્ર સરકાર અને રૂા.૮૯૭ કરોડ રાજ્ય સરકારો દ્વારા ખર્ચ કરવામાં આવશે. આ મિશન અંતર્ગત ૧૦,૦૦૦ જૈવિક-ઈનપુટ રિસોર્સ સેન્ટર્સની સ્થાપના કરવામાં આવશે, જેથી ખેડુતોને પ્રાકૃતિક ખેતી માટે જરૂરી સંસાધનો ઉપલબ્ધ થઈ શકે. કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, કૃષિ વિશ્વવિદ્યાલયો અને ખેડુતોના ખેતરોમાં પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મ વિકસાવવામાં આવશે.

મિશનના લાભોની વાત કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનથી સૌને આરોગ્યપ્રદ અને સુરક્ષિત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ થશે. ખેડૂતોનો ખેતી ખર્ચ અને બહારના ઈનપુટ પરની નિર્ભરતા ઘટશે. જમીનના આરોગ્ય અને જૈવ વૈવિધ્યમાં પણ સુધારો થશે. આ યોજનાથી સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતીનો ફેલાવો થશે, ગ્રામ પંચાયતોના ૧૫,૦૦૦ ક્લસ્ટર્સ મારફતે ૧ કરોડ ખેડૂતો સુધી પ્રાકૃતિક ખેતી પહોંચશે અને દેશના ૭.૫ લાખ હેક્ટર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કાર્યાન્વિત થશે. પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કરતાં રાજ્યપાલે જણાવ્યું કે, આ મિશન ખેડૂતોના જીવનધોરણમાં સુધારો લાવશે, જૈવવૈવિધ્યની રક્ષા કરશે અને કૃષિ ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં ઐતિહાસિક પગલું સાબિત થશે.

# હિન્દુસ્તાન પેન્સિલ બાળ દિવસ ઉપર ૧૦,૦૦૦થી વધુ પછાત બાળકો માટે ખુશી લાવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૭




બાળ દિવસની ઉજવણીમાં ભારતના સ્ટેશનરી ઉદ્યોગમાં અગ્રણી હિન્દુસ્તાન પેન્સિલે એક પહેલ શરૂ કરી, જેણે દેશભરમાં ૧૦,૦૦૦ થી વધુ પછાત બાળકોના જીવન પર અસર કરી હતી. આ અભિયાન દ્વારા, કંપનીએ શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવા અને યુવાનોમાં ઉત્સાહ લાવવા માટે આવશ્યક સ્ટેશનરી પુરવઠો પૂરો પાડ્યો હતો અને આકર્ષક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું.

શિક્ષણને સમર્થન અને સમાનતાને પ્રોત્સાહન આપવા માટે હિન્દુસ્તાન પેન્સિલની પ્રતિબદ્ધતા આ પહેલના હાર્દમાં રહેલી છે. હિન્દુસ્તાન પેન્સિલના અધ્યક્ષ પ્રદીપ ઉગડેએ જણાવ્યું હતું, 'અમારૂ માનવું છે કે દરેક બાળકને મોટા સપના જોવાની તક મળવી જોઈએ, પછી ભલે તેના સંજોગો ગમે તે હોય' 'શૈક્ષણિક સાધનોની વહેંચણી કરીને અને આ બાળકો સાથે જોડાઈને, અમે તેમની સંભવિતતાને પ્રજવલિત કરવાની અને તેમનો આત્મવિશ્વાસ વધારવાની આશા રાખીએ છીએ.' તેમનો ઉત્સાહ અમને પ્રેરણા આપે છે અને બદલામાં કંઈક આપવાની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

" આ પહેલના ભાગરૂપે, કંપનીની ટીમે બાળકો માટે મનોરંજક અને અસરકારક અનુભવ કરવાના હેતુથી ઈન્ટરેક્ટિવ સેશન્સ, ક્રિએટિવ વર્કશોપ અને ગેમ્સનું આયોજન કર્યું હતું. સ્થાનિક શાળાઓ અને સામુદાયિક સંગઠનો સાથે જોડાણ કરીને, હિન્દુસ્તાન પેન્સિલે સુનિશ્ચિત કર્યું કે આ પહેલ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે અને સમગ્ર ભારતના સમુદાયો સાથે કાયમી સંબંધો વિકસાવે.

બાળ દિવસના આ પ્રયત્ન સાથે, હિન્દુસ્તાન પેન્સિલ યુવાઓના હૃદયમાં આશા અને સ્થિતિસ્થાપકતાનો ઉદ્દેશ્ય રાખે છે. કંપની તમામ ભાગીદારો, સ્વયંસેવકો અને ટેકેદારો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે, જેમના યોગદાનથી આ કાર્યને સાકાર કરવામાં મદદ મળી છે. હિન્દુસ્તાન પેન્સિલ શિક્ષણ દ્વારા બાળકોને સશક્ત બનાવવાના તેના ઉદ્દેશ્ય પર મક્કમ છે અને ભવિષ્યમાં તેના પ્રયત્નોને વિસ્તૃત કરવા માટે ઉત્સુક છે."

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર ખાતે ૧૦માં ભારતીય બંધારણ દિવસની ઉજવણી



જૂનાગઢ, તા.૨૭

૨૬મી નવેમ્બર, ૧૯૪૯એ દરેક નાગરિક માટે ઐતિહાસિક દિવસ છે, જ્યારે આઝાદ ભારતે પોતાનાં બંધારણનો સ્વીકાર કર્યો હતો. સ્વતંત્ર ભારતની પ્રગતિ, સ્થિરતા અને સાર્વભૌમત્વનો આધાર બનનારી આ મહત્વપૂર્ણ ઘટનાને આજે ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. આઝાદીના અમૃત મહોત્સવ અન્વયે આ વર્ષે ભારત સરકારશ્રી દ્વારા "હમારા બંધારણ, હમારા સ્વાભિમાન" અભિયાનને દેશભરમાં શરૂ કરવામાં આવ્યું છે. આપણાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સને ૨૦૧૫માં ૨૬મી નવેમ્બરને દરવર્ષે "બંધારણ દિવસ" તરીકે ઉજવવાની ઘોષણા કરી હતી. વિશ્વનું સૌથી મોટું લેખિત ભારતીય બંધારણ દરેક દેશવાસીને ન્યાય, સ્વતંત્રતા અને સમાનતાની ખાતરી આપે છે, તો રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે ભાઈચારાની ભાવનાને પણ પ્રોત્સાહન આપે છે. બંધારણ દિવસ એ ભારતના લોકશાહીના ઘડવૈયાઓને સન્માન આપવાનો અમૂલ્ય અવસર છે. માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે તા.૨૬-૧૧-૨૦૨૪ને મંગળવારના રોજ "૧૦માં ભારતીય બંધારણ દિવસ" ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયા સહિતના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ ઉત્સાહભેર જોડાઈ હતી. આ તકે વિદ્યાર્થિનીઓમાં રાષ્ટ્ર પ્રત્યેની કર્તવ્યભાવના પ્રગટે તેમજ બંધારણીય મૂલ્યો, અધિકારો અને મૌલિક ફરજોનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા શુભાશયથી શપથવિધિ પણ યોજવામાં આવી હતી. શાળામાં બંધારણ દિવસની ઉજવણી કરવા બદલ સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા, સહિતના ટ્રસ્ટીઓ, વિદ્યાગુરૂઓ અને શાળા પરિવારે હર્ષની લાગણી સાથે અભિનંદન પાઠવ્યા હતા.

# ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એફ. ફાઉન્ડેશન આયોજિત અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિ દ્વારા દર્શકોને આત્મવિભોર કરતી નવીન પ્રસ્તુતિઓ

## દર્શકોએ સૂફી અને લોકસંગીત ની સાથે વેકિંગ, હવેલી સંગીત અને સમકાલીન નૃત્યની આધુનિક અને પરંપરાગત પ્રસ્તુતિઓનો આનંદ માણ્યો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૭

ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની છઠ્ઠી આવૃત્તિમાં મંચ ઉપર મંગળવારે દર્શકોને મંત્રમુગ્ધ કરી દેતી પ્રસ્તુતિઓની શ્રેણી સાથે સપ્તાહનો શાનદાર પ્રારંભ થયો.

ગત સપ્તાહના અંતમાં દર્શકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ મેળવી, અભિવ્યક્તિએ પોતાની વૈવિધ્યસભર અને વાઈબ્રન્ટ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે ઉપસ્થિત દર્શકોનું મન મોહી લેવાનો સીલસિલો યથાવત રાખ્યો હતો. મંગળવારના કાર્યક્રમમાં રજુ થયેલ વૈવિધ્યસભર પ્રસ્તુતિઓએ દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સાંજનો પ્રારંભ એક ભાવપૂર્ણ કવ્વાલીની પ્રસ્તુતિ સાથે થઈ હતી, જેનાથી આધ્યાત્મિક અને ઉત્સાહવર્ધક માહોલ તૈયાર થયો. ત્યાર બાદ એક નવીન ઈન્ડો-વેસ્ટર્ન ક્લાસિકલ ફ્યુઝન સંગીત અને નૃત્ય પ્રસ્તૃતિ રજુ થઈ, જેમાં પરંપરાગત અને સમકાલીક તત્વોનો કલાત્મક તાલમેળ જોવા મળ્યો.

જૈમીન વૈધ્યએ પોતાની સંગીતમય પ્રસ્તૃતિ મહેફિલ-એ-સમા રજૂ કરી હતી, જેમાં તેમણે સુફી સંગીતની લયબદ્ધતાને આધુનિક તત્વોના સમન્વયમાં અનેક લોકપ્રિય રચનાઓ પ્રસ્તુત કરી હતી. રચનાત્મક પ્રેરણા અને સુફી દિગ્ગજો અમીર ખુસરો તેમજ નિજામુદ્દીન ઔલિયાના સંદર્ભ સાથે જૈમીન વૈધ્યએ કવ્વાલીના માધ્યમથી એક અવિસ્મરણીય અનુભવ આપતી પ્રસ્તુતિ રજુ કરી, દર્શકો માટે મંગળવારની સાંજને યાદગાર બનાવી હતી. ત્યારબાદ ગતિશીલ વેકીંગ સ્ટ્રીટ નૃત્ય પ્રસ્તુતિએ વાતાવરણમાં ઉર્જાના સંચાર કરવાની સાથે કાર્યક્રમને એક નવો આધુનિક ટચ આપ્યો.

અમદાવાદ સ્થિત શ્રીલક્ષ્મીએ સંગીતમય નૃત્ય પ્રસ્તુતિ ર્ક્ટૈ;આઈ એમ એ ડિસ્કો ડાન્સર રજુ કરીને પ્રત્યેક વ્યક્તિના મનમાં રહેલ મુક્ત અભિવ્યક્તિના વિચારને વાચા આપી. ખાસ કરીને વ્યસ્ત કામકાજી જીવનમાં રોજબરોજના ધમધમાટ પછી કોઈ વ્યક્તિ ક્લબિંગ કરતા સમયે સંગીત સાથે પોતાના શરીર અને પોતાના હાથોનું મુક્ત રીતે હલનહચન કરી જીવનમાં પોતાના સંતુલને પામવા પ્રયત્ન કરે છે. આ વિચારે એલ.એ.થી વૈકિંગ ના વિકાસ અને દુનિયાના અલગ અલગ ભાગોમાં તેની યાત્રાને ઉજાગર કરવાની સાથે શહેર અને દેશ બન્નેના વૈકિંગ દ્રશ્યોને સ્પર્શ કર્યો.

પૂણેથી આવેલ શાસ્ત્રીય ગાયક અમન રાયથાથાએ પોતાની મેઘ શ્યામ પ્રસ્તુતિ રજુ કરી, જેમાં ૧૪ કલાકારોના ગ્રુપે વૈષ્ણવ સંપ્રદાયના કવિઓ અને તેમની કૃતિઓ અંગે વાર્તાલાપ અને શૈક્ષણિક - સંગીતના માધ્યમથી એક અતીન્દ્રિય અને આધ્યાત્મિક ભાગ વર્ણવ્યો. આધુનિક શ્રોતાઓ માટે તેમણે વૈષ્ણવ સંપ્રદાય અને લોકકથાઓ સાથે સંકળાયેલા ભજન અને ગીતો પ્રત્યે પરિવારની ભક્તિમાંથી પ્રેરણા લઈને હવેલી સંગીતને સમકાલીન બનાવી પ્રસ્તુત કર્યું. પંડિત જસરાજની કૃતિઓ અને અષ્ટછાપ કવિઓના ગ્રંથો અને તેમની જીવનકથાઓનો સંદર્ભ સાથે તેમણે હવેલી અને મેવાતી સંગીતનો વિસ્તાર કર્યો.

ચેન્નાઈના વાર્તાકાર અને પપેટ કલાકાર કારથી કે ૩૯ ધ વુલ્ફ મેન ૩૯ પ્રસ્તૃતિ રજુ કરી હતી. જેમાં પ્રકૃતિના સતત સંતુલન પ્રત્યે જાગૃતિ ફેલાવવા સાથે પ્રકૃતિનું નિરીક્ષણ કરવા સબંધીત વાર્તા રજુ કરવામાં આવી. છાયા પપેટનો ઉપયોગ કરીને શ્ઈ૩૯;ધ વુલ્ફ મેન૩૯ એક મનમોહક પડછાયાની દુનિયા સર્જે છે, જ્યાં દર્શકો પણ ડુબકી લગાવી શકે છે. સંપૂર્ણ પણે પડદા પાછળ ભજવાયેલ આ નાટક દર્શકોને એક અનોખો અનુભવ આપે છે.

પ્રશિક્ષિત ભરતનાટ્યમ નૃત્યાંગના ધારા રુઘાનીએ લોક સંગીત સાથે નૃત્યના સમકાલીન સમન્વય સાથેની પોતાની પ્રસ્તુતિ ૩૯ ધાગ સંવાદ૩૯ રજૂ કરી. આ પ્રસ્તૃતિ કચ્છ, ગુજરાતની રબારી સમાજની મહિલાઓ દ્વારા વિખ્યાત બનેલી ભરતકામનીની પરંપરાગત કલા ઉપર આધારીત હતી. જટિલ કોરિયોગ્રાફી દ્વારા તેમણે આધુનિકતા સાથે પરંપરાનો સમન્વય કરીને હસ્તકલાના સારને સમજાવ્યો છે. તેમણે એક માતા અને તેની પુત્રીની વાર્તા રજુ કરી હતી. જેમાં એક માતા પરંપરાગત ભરતકામની કલાને બંધન ન બનવા દેતા, પોતાની પુત્રી માટે મુક્તિનું માધ્યમ બનાવે છે. મંચ પ્રસ્તુતિમાં તારક પટેલ પોતાના અનોખા એફ્રો નૃત્ય પ્રસ્તુતિ અર્બન ડ્રમ્સના માધ્યમથી આફ્રીકાની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાને રજુ કરવાની સાથે પોતાની લયબદ્ધ અને મજબુત રજુઆત દ્વારા દર્શકોને મંત્રમુગ્ધ કરે છે. આ પ્રસ્તુતિમાં દર્શાવવામાં આવ્યુ છે કે, કેવી રીતે આફ્રો-સંગીતના સંક્રમિત ધબકારા અને લય કુદરતી રીતથી તમારા પગને નૃત્ય કરવા માટે આતુર બનાવી દે છે. આ પ્રસ્તુતિ આફ્રિકન લોક કલાની શુદ્ધ સંસ્કૃતિ અને શૈલીને ઉજાગર કરે છે, જેમાં આદિવાસી જેવી ભાવના જાગૃત કરવા માટે વાંસની ડ્રમસ્ટિકની મદદ લેવામાં આવે છે. આ નૃત્યનો ઉદ્દેશ્ય દર્શકોને પ્રસ્તુતિ સાથે ઝુમવા અને નૃત્ય કરવા પ્રેરીત કરવનો હતો, જે તમામ પ્રકારની કલાત્મક અભિવ્યક્તિની ઉજવણી કરવાના અભિવ્યક્તિ – ધ સિટી આર્ટસ પ્રોજેક્ટના ઉદ્દેશ્યને સાર્થક કરે છે. દ્રશ્ય કલા સ્થાપન વિભાગમાં મનોનિતા કરારની કલાકૃતિ ર્ક્ટૈ;અબાઉટ લુકિંગ દર્શકોને આત્મનિરીક્ષણની સફર પર ચાલવા પ્રેરીત કરે છે.

કલાકારનું માનવુ એ કે કોઈપણ વિચાર, પરિપ્રેક્ષ્ય અથવા માન્યતા નિરપેક્ષ હોતી નથી, આપણી આંતરિક પ્રક્રિયા દ્વારા તેનું ઘડતર થાય છે. આ સતત બદલાતુ માનસિક પરિદ્રશ્ય એક કલાકારના રૂપમાં તેના જીવનને એક સાથે અનિશ્ચિત અને અદ્ભુત બનાવે છે. મનોનિતા કરારની કલાકૃતિ દર્શકોને તેમના પોતાના વિચારો અને માન્યતાઓના વ્યક્તિગત અન્વેષણ તરફ લઈ જાય છે, તેમને પોતાના જ દ્રષ્ટિકોણ અંગે પ્રશ્ન કરવા અને માનવીય ધારણાની સતત વિકસતી રહેતી પ્રકૃતિમાં અર્થ શોધવા માટે પ્રેરીત કરે છે.

યશ ગજ્જર પોતાની વિચાર-પ્રેરક કલાકૃતિ કન્સ્ટ્રક્શન ડાયનેમિક્સ પ્રસ્તુત કરે છે. આ કલાકૃતિ દર્શકોને એક એવી દુનિયામાં લઈ જાય છે, જ્યાં પરિચિત અને અવાસ્તવિકની ટક્કર થાય છે. યશ ગજ્જર દ્વારા રેતી, માટી, સિમેન્ટ, ઈંટો અને સળીયા જેવી સામગ્રીનો ઝીણવટપૂર્વકનો ઉપયોગ ભૌતિકને અસાધારણમાં પરિવર્તિત કરે છે. આસપાસના તત્વો-સિમેન્ટના થાંભલાઓ, ધાતુની પ્લેટો અને લાકડાના ટુકડા બાંધકામના સ્થળો અને કુદરતી વિશ્વ બંનેને પ્રતિબિંબિત કરે છે.

આ કલાકૃતિના માધ્યમથી યશ ગજ્જર દર્શકોને નિર્માણ કાર્ય ની પ્રક્રિયાને માત્ર એક ટેકનિકલ પ્રક્રિયાના રૂપમાં જ નહીં, પરંતુ કલાત્મક અભિવ્યક્તિ માટે એક કેનવાસના સ્વરૂપમાં નિહાળવા પ્રેરીત કરે છે. તેમનું માનવુ છે કે મૂર્તને કલ્પનાશક્તિ સાથે મર્જ કરીને એક દ્રશ્ય અનુભવનું સર્જન થઈ શકે છે, જે દર્શકો સાથે ગાઢ સ્તર પર પ્રતિધ્વનિત થાય છે. ચેતન કુરેકરએ પોતાની કલાકૃતિ "ફ્રેગમેન્ટ્સ ઓફ એ લોસ્ટ હોમ" પ્રસ્તૃત કરી, જે દર્શકોને દર્શકોને ઔદ્યોગિકીકરણ પછીની સ્થિતીના માધ્યમથી એક માર્મિક યાત્રા ઉપર લઈ જાય છે. ખંડેર મકાનોના લઘુ શિલ્પોના માધ્યમથી ચેતન કુરેકર વિસ્થાપન, પર્યાવરણીય અધોગતિ અને આજીવિકાના ધોવાણની તદન વાસ્તવિકતા દર્શાવે છે. ખોવાયેલા ભૂતકાળના આ ટુકડાઓ પ્રસ્તુત કરીને કલાકાર લોકોની વિચાર શક્તિ અને સહાનુભૂતિને જગાડવાનો પ્રયત્ન કરે છે, સાથે જ દર્શકોને પ્રગતિની માનવીય કિંમતને પણ ધ્યાને લેવા વિનંતી કરે છે. ચેતન કુરેકરની કલાકૃતિ વિકાસ અને આપણા સાંસ્કૃતિક વારસાની જાળવણી વચ્ચેના નાજુક સંતુલનનું સ્પષ્ટ રીમાઈન્ડર છે. કલા પ્રેમીઓ કાર્યક્રમની રૂપરેખા અને અન્ય માહિતી માટે **www.abhivyaktiart.org** પર લોગ ઓન કરી શકે છે અથવા ૭૦૬૯૧૦૪૪૪૪/૭૦૬૯૧૦૫૫૫૫ નંબર ઉપર ફોન કરી શકે છે. તમામ લોકો માટે પ્રવેશ નિઃશુલ્ક છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ઉત્તર ભારતમાં પ્રદૂષણ વધી જવું દુ:ખદ અને શરમજનક બાબત છે

ઉત્તર ભારતમાં પ્રદૂષણ વધી જવું દુ:ખદ અને શરમજનક બાબત છે. ફરી એક વાર સુપ્રીમ કોર્ટે કડક નિર્દેશો સાથે સામે આવવું પડ્યું છે. ન્યાયાલયે કહ્યું કે રાષ્ટ્રીય રાજધાનીની તમામ સરકારોએ ગ્રેપ-૪ સંબંધી પ્રતિબંધોના નિરીક્ષણ માટે તત્કાળ ટીમો બનાવવી પડશે. એ પણ પ્રશંસનીય છે કે આ વ્યવસ્થા એક્યુઆઈ ૪૫૦ની નીચે જવા છતાં લાગુ રહેશે. બે જજોની પીઠે દોહરાવ્યું કે એ સુનિશ્ચિત કરવું બધા રાજ્યોનું બંધારણીય કર્તવ્ય છે કે તમામ નાગરિકો પ્રદૂષણ મુક્ત વાતાવરણમાં રહે. ગ્રેપ-૪ સંબંધી પ્રતિબંધોને લાગુ કરવામાં થયેલ વિલંબ પર પણ ન્યાયાલયે નારાજગી વ્યકત કરી છે. સંબંધિત રાજ્ય સરકારોએ ૨૨ નવેમ્બર સુધી ન્યાયાલયને રિપોર્ટ કરવાનું કહ્યું છે. એ જાણવું જરૂરી છે કે સરકારોએ પ્રદૂષણ રોકવા માટે શું પગલાં ભર્યાં છે? જ્યાં સુધી સરકારોનો પ્રશ્ન છે, દરેક પાર્ટી પોતાની વિરોધી પાર્ટીને નિશાનો બનાવી રહી છે અને પ્રદૂષણ માટે જવાબદાર ઠેરવી રહી છે. એવામાં ન્યાયાલયની સક્રિયતાનો કોઈ વિકલ્પ નથી.

દિલ્હીમાં દશ્યતા એકદમ ઘટી ગઈ છે. બસો મીટર બાદ ચીજો દેખાવી મુશ્કેલ થઈ ગઈ છે. આ બધાની સૌથી વધુ અસર પરિવહન પર પડી છે. સોમવારે સાંજ થતાં સુધી ૧૧થી વધુ વિમાનો દિલ્હીમાં ઉતરવામાં નિષ્ફળ રહ્યા, તેમને પડોશી રાજ્યોમાં ઉતારવા પડ્યા. તેનાથી સ્થિતિની ભયાવહતાની ખબર પડે છે. લોકો અને તેમના સ્વાસ્થ્ય પર શું વીતી રહી છે, તેનો અંદાજો માત્ર લગાવી શકાયછે. દિલ્હીના કેટલાક વિસ્તારોમાં એક્યુઆઈ ૯૭૮ સુધી નોંધાયો છે, તેનો મતલબ છે કે આ વિસ્તારોમાં ૨૪ કલાકમાં એક માણસ ૪૯.૨ સિગારેટ જેટલો ધુમાડો શરીરમાં લઈ રહ્યો છે. હરિયાણામાં લોકો લગભગ ૩૩.૨૫ સિગારેટ બરાબર ધૂમાડો પી રહ્યા છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં લગભગ ૧૦ સિગારેટ પીવા મજબૂર છે. આવા ભયાનક પ્રદૂષણના કેવાં દૂરગામી પરિણામો હશે, તે વિચારીને જ કંપારી છૂટી જાય છે. પરાળ, ઘરનો ધૂમાડો, ઔદ્યોગિક પ્રદૂષણ, વાહનોથી નીકળતું ઉત્સર્જન, નિર્માણ સ્થળેથી ઉડતી રજ - આપણે કોઈપણ પ્રાકૃતિક સંસાધનોને શુદ્ધ નથી છોડ્યા. દિલ્હીમાં પાણી અને હવા બંનેના હાલ ખરાબ છે અને બંને એકબીજાની સમસ્યા વધારી રહ્યા છે. આવા ઘાતક પરિવેશથી બચવું જરૂરીછે, તો યોગ્ય રીતે જ દિલ્હીમાં સમા-બારમા ધોરણને જ સ્કૂલમાં ચલાવવાનું ફરમાન છે, બાકી વર્ગો ઓનલાન કરી દેવાયા છે. પ્રદૂષણના ભયાનક સ્તરને જોતાં બાળકો સાથે બુજુર્ગોની ચિંતા પણ વધી ગઈ છે. હવે પ્રદૂષણના મોરચે લીકથી હટીને કંઈક વિચારવું પડશે. જોકે આ વિચારવાનો નહીં, પરંતુ કરવાનો સમય છે. શું દિલ્હી કે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં સીમિત કૃત્રિમ વરસાદનો પ્રયોગ કરી શકાય? શું વૈજ્ઞાનિકોની આપાત બેઠક બોલાવીને તાત્કાલિક ઉપાયો કરી શકાય? શું રાષ્ટ્રીય રાજધાનીમાં મોટાં વાહનોના ચાલવાના સમયને સીમિત કરી શકાય? શું પ્રદૂષણ ફેલાવનારા ઉદ્યોગોના સંચાલનને થોડા દિવસો માટે સીમિત કરી શકાય? હાલત એવી છે કે યુદ્ધ સ્તરે મોટા પગલાં ભરવાં પડશે. પ્રદૂષણ ફેલાવનારા વર્ગો કે સમૂહોને નારાજ કરવા જ પડશે. ખેડૂતો, ઉદ્યોગપતિઓ અને સામાન્ય લોકો, બધાને ખુશ રાખવાની કવાયતે મુશ્કેલીમાં મૂકી દીધા છે. મતલબ કે હવે પ્રદૂષણ વિરુદ્ધ સાહસિક પગલાંની જરૂર છે અને ન્યાયાલય પર આશાઓ ટકી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સત્વગુણ, રજોગુણ અને તમોગુણ પ્રકૃત્તિમાંથી ઉદભવેલા આ ત્રણેય ગુણો અવિનાશી જીવાત્માને બાંધે છે.

- શ્રમીદ્ ભગવદ ગીતા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક વદ-૧૨, તા.૨૭ નવેમ્બર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૨૪, ચિત્રા નક્ષત્ર, આયુષ્માન યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૧૪, સૂ.અ.૬:૦૩

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), સાંજે ૬:૦૬ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (૨ ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ખટપટમાં ન પડવું હિતાવહ. મનમાં અશાંતિ રહે.
વૃષભ:અણધાર્યો લાભ મળે. કાર્યમાં સફળતા મળે.
મિથુન:મનમાં મૂંઝવણ રહે. વ્યર્થ દોડા-દોડી રહે.
કર્ક: આર્થિક લાભના યોગ છે. ધીરજ અને ખંતથી કાર્ય કરવું.
સિંહ: આરોગ્ય અંગે સાવચેતી રાખવી. નાણાંકીય પરિસ્થિતિ સુધરે.
કન્યા: માનસિક ચિંતા હળવી બને. ખર્ચ ઉપર કાબુ રાખવો.
તુલા: વેપાર-વાણિજ્યને લગતા કાર્યોમાં સફળતા મળે.
વૃશ્ચિક:પ્રવાસ-પર્યટનમાં સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહ રહે.
ધન: ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ સર્જાય.
મકર: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્વજનથી મિલન-મુલાકાત થાય.
કુંભ: રચનાત્મક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાય. સંતાનને લગતી સમસ્યા હળવી બને.
મીન: પ્રગત્તિ થતી અટકે, માનસિક ઉચ્ચાટ અનુભવાય.

# ૭૫ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે બંધારણ દિવસની ગાંધીનગરમાં ગરિમામય ઉજવણી

## ભૂપેન્દ્ર પટેલ-મંત્રીમંડળના મંત્રીઓ-ધારાસભ્યો-વરિષ્ઠ સચિવો સૌએ બંધારણના આમુખનું સામૂહિક પઠન કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર,તા.૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૬ નવેમ્બરે બંધારણના અંગીકરણના ૭૫ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે બંધારણ દિવસની ગરિમામય ઉજવણીમાં આહવાન કર્યું કે, બંધારણને માત્ર પુસ્તક સ્વરૂપે ન જોતા તેના રાષ્ટ્રહિત સર્વોપરિના ભાવને આપણી જીવન શૈલી બનાવીએ.૧૯૪૯માં તા.૨૬ નવેમ્બરે અંગીકાર થયેલા આપણા અદ્વિતીય બંધારણના મૂલ્યોને પ્રોત્સાહન આપવાની રાષ્ટ્રહિત ભાવના ઉજાગર કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી સમગ્ર દેશમાં ૨૦૧૫થી દર વર્ષે ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ વર્ષે બંધારણના ઘડતરના ૭૫ વર્ષ પૂર્ણ થયા છે તે સંદર્ભમાં વડાપ્રધાનની પ્રેરણાથી "હમારા સંવિધાન, હમારા સ્વાભિમાન" થીમ સાથે અમૃતકાળનો આ બંધારણ દિવસ દેશભરમાં ઉજવાયો છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં આ દિવસની ગરિમામય ઉજવણી અન્વયે મુખ્યમંત્રી સહિત મંત્રીશ્રીઓ, ધારાસભ્યઓ, પદાધિકારીઓ, મુખ્ય સચિવશ્રી રાજકુમાર અને વરિષ્ઠ સચિવઓ સૌએ બંધારણના આમુખનું સામૂહિક પઠન કર્યું હતું.મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, ભારતીયતા આપણો ધર્મ છે તો બંધારણ આપણો ધર્મગ્રંથ છે એટલું જ નહીં, નાગરિક ધર્મ નિભાવવામાં આ બંધારણ આપણા સૌનું પથદર્શન કરે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, જનહિતના કોઈપણ કામ માટે ફ્રી હેન્ડ એ આપણા બંધારણનું હાર્દ છે ઉપરાંત 'વી ધ પીપલથી' શરૂ થતું બંધારણ "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ની ભાવના પણ સાકાર કરનારું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બંધારણ સભા દ્વારા બંધારણ નિર્માણ અને સ્વીકારમાં ડૉ. બાબા સાહેબ આંબેડકર ના અમૂલ્ય યોગદાન સાથે સરદાર વલ્લભભાઈ પટેલ, કનૈયાલાલ મુન્શી, હંસાબેન મહેતા જેવા ગરવા ગુજરાતીઓના પ્રદાનનું પણ સ્મરણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, બંધારણે ભારતને ગુલામીના લાંબા અંધકાર બાદ પહેલી વખત સાર્વભૌમત્વની સવારનું કિરણ દેખાડ્યું હતું.આપણા દેશમાં અનેક ભાષા, ધર્મ, સંસ્કૃતિઓ અને પરંપરાઓ હોવા છતાં આપણે સૌ ભારતીય છીએ તે માત્ર આપણા બંધારણની ફ્લેક્સિબિલિટીના કારણે જ છીએ તેમ જણાવી મુખ્યમંત્રીએ કહ્યું કે, વોટર ટાઈટ કંમ્પાર્ટમેન્ટ નહીં પણ સમયાનુકુલ પરિવર્તન સાથે તાલ મિલાવી શકે તેવા સુધારાઓ થઈ શકે તેવું આપણું આ બંધારણ છે.મુખ્યમંત્રીએ 'વસુધૈવ કુટુંબકમ' સૌ ભારતીયો એક પરિવાર છે તેવી ભાવના અને પંથ નિરપેક્ષતાને બંધારણની ખાસિયત ગણાવતા વિકસિત ભારત જ ૨૦૪૭ના નિર્માણ માટે બંધારણનો આધાર લઈને સૌને સાથે મળી આગળ વધવા સંકલ્પબધ્ધ થવા અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે સ્કૂલ ઓફ લોના નિવૃત્ત નિયામક શ્રી એન. કે. પાઠકે ભારતના બંધારણ અંગે વિસ્તૃત સમજ આપતા જણાવ્યું હતું કે, ભારતના દરેક નાગરિકને સમાન રીતે એકસૂત્રતામાં બાંધી રાખે તેનું નામ બંધારણ. આ જ ભારતના બંધારણની મુખ્ય લાક્ષણીકતા છે. દેશની આઝાદી બાદ અનેક સમસ્યાઓ આવી, પરંતુ આ દરેક સમસ્યામાં નાગરિકોને આપણા બંધારણે બાંધી રાખ્યા. આશરે ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૭ દિવસમાં નિર્માણ પામેલું ભારતનું બંધારણ એ વિશ્વનું સૌથું મોટું અને લાંબુ બંધારણ છે. જેમાં ૩૯૫ આર્ટીકલ, ૨૨ ચેપ્ટર અને ૧૨ શેડ્યુલ ઉપલબ્ધ છે.

સંપૂર્ણ બંધારણનો હાર્દ ન્યાય છે, અધિકાર નથી, તેમ જણાવી પાઠકે ઉમેર્યું હતું કે, બંધારણ ભારતનો સૌથી પાયાનો દસ્તાવેજ છે. બંધારણના ઘડવૈયાઓને સંપૂર્ણ બંધારણ ઘડ્યા બાદ વિચાર આવ્યો તેમજ સામાન્ય નાગરીકો પણ બંધારણને ટૂંકમાં અને સરળતાથી સમજી શકે તે માટે આ સંપૂર્ણ બંધારણનો સાર આમુખમાં પ્રતિબિંબીત કર્યો છે.યુવકસેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમત ગમત વિભાગના અગ્ર સચિવ તથા સંસદિય તથા વૈધાનિક બાબતોના કાર્યકારી અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે સંવિધાન દિવસની ઉજવણીનો હેતુ સ્પષ્ટ કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ અગાઉ બંધારણ દિવસની ઉજવણી રૂપે યુવાશક્તિને રાષ્ટ્રહિત સ્વાભિમાન માટે પ્રેરિત કરી "હમારા સંવિધાન, હમારા સ્વાભિમાન" સુત્ર સાથેની સંવિધાન ગૌરવ પદયાત્રાને પ્રસ્થાન કરાવીને પોતે પણ પદયાત્રામાં જોડાયા હતા.મુખ્યમંત્રી અને મંત્રીઓએ બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને સેન્ટ્રલ વિસ્ટા ખાતે આયોજિત કાર્યક્રમમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી આદર વ્યકત કર્યો હતો તેમજ વિકસિત ભારત યંગ લીડર ડાયલોગના પોસ્ટરનું લોન્ચિંગ પણ કર્યું હતું.ગાંધીનગર શહેરની શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, એન.વાય.કે.એસ.ના કર્મીઓ, સ્વૈચ્છિક સંગઠનો તથા નાગરીકો આ પદયાત્રામાં સહભાગી થયા હતા.

### ગણતરીની મિનિટોમાં બસ થઈ જશે ચકાચક

# ST ડેપોએ વસાવ્યું આવું આધુનિક વોશિંગ મશીન

## આગામી સમયમાં નિગમ દ્વારા સમગ્ર ગુજરાતમાં આશરે ૮૦ જેટલા મશીનો જુદા જુદા ડેપોમાં મૂકવામાં આવશે



અમદાવાદ,તા.૨૭

સામાન્ય રીતે રેલવે હોય કે પછી બસ સેવા, દરેક મુસાફરો તેની સ્વચ્છતાને લઈને અવાર-નવાર ફરિયાદો કરતા હોય છે. ત્યારે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા એસ.ટી. બસોની સફાઈ માટે ખાસ ઓટોમેટિક એ.ટી.એસ. મશીનો ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. જેના દ્વારા બસની બહારના ભાગની સફાઈ માત્ર ગણતરીની મિનિટોમાં કરી શકાય છે. જોકે એસ.ટી. ડેપોમાં આ પ્રકારની લેટેસ્ટ ટેક્નોલોજીયુક્ત મશીન કાર્યરત થતાં એસ.ટી. કર્મચારીઓ તથા મુસાફરોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

GSRTC વિભાગના ચીફ મિકેનિકલ એન્જિનિયર એન.બી. સિસોદિયા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, "દિવસ-રાત દોડતી એસ.ટી. બસની સ્વચ્છતાને અનુલક્ષીને નિગમ દ્વારા જુદા જુદા એસ.ટી. ડેપોમાં ખાસ ઓટોમેટિક વ્હીકલ વોશિંગ મશીન મૂકવામાં આવ્યા છે. જે એવીએમ-એટીએસ એલજી લિમિટેડ અને ઓરિએન્ટલ એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના છે. પહેલાં કર્મચારીઓ દ્વારા બસને હાથેથી વોશ કરવી પડતી હતી. જેના લીધે એક બસની સફાઈ પાછળ આશરે અડધા કલાકથી એક કલાક સુધીનો સમય લાગતો હતો.

ચીફ મિકેનિકલ એન્જિનિયર એન.બી. સિસોદિયાએ વધુમાં જણાવ્યું હતું કે, આ મશીન આવ્યા બાદ બસની સફાઈ કરવી સરળ બની ગઈ છે. આ સાથે બસને ઓછા સમયમાં સારી રીતે વોશ કરી શકાય છે. આ માટે માત્ર ૫-૧૦ મિનિટનો સમય લાગે છે. જેમાં વાહનની ફ્રન્ટ, ટોપ, બેક અને સાઈડ એમ દરેક બાજુને સારી રીતે સફાઈ કરી શકાય છે. આ સાથે મશીનરી દ્વારા વાહનને વોશિંગ કરવામાં આવતું હોવાથી વાહન પર લાગેલા કલરને પણ કોઈ પ્રકારનું નુકસાન થતું નથી. તેમજ શાઈનિંગ પણ આપે છે. આ સાથે ઓછા કર્મચારીથી વાહનના સફાઈની કામગીરી કરી શકાય છે.

આ એક ઓટોમેટિક વ્હીકલ વોશિંગ મશીનની કિંમત આશરે ૧૪.૭૬ લાખ રૂપિયા જેટલી છે. આગામી સમયમાં નિગમ દ્વારા સમગ્ર ગુજરાતમાં આશરે ૮૦ જેટલા મશીનો જુદા જુદા ડેપોમાં મૂકવામાં આવશે. હાલ અમદાવાદ, ગાંધીનગર, આણંદ, વાંકાનેર, દહેગામ, સાણંદ વગેરે સ્થળોએ આ ઓટોમેટિક વ્હીકલ વોશિંગ મશીન કાર્યરત છે. જ્યારે આગામી સમયમાં મહેસાણામાં ૭ મશીનો તેમજ નડિયાદ, ગોધરા અને હિંમતનગરમાં ૬ મશીનો મૂકવામાં આવશે. જ્યારે અમદાવાદ, પાલનપુર, રાજકોટ, જૂનાગઢ, સુરત અને વડોદરામાં ૫ મશીનો ઈન્સ્ટોલ કરવામાં આવશે.

આ ઉપરાંત ભાવનગર, જામનગર, ભુજ, અમરેલી, ભરૂચ અને વલસાડમાં પણ ૪ મશીનો કાર્યરત કરવામાં આવશે.

વધુમાં જણાવતા કહે છે કે, દરેક બસોની બહારથી સફાઈની સાથે અંદરથી પણ કર્મચારીઓ દ્વારા સફાઈ કરવામાં આવી રહી છે. પરંતુ ઘણીવાર બસની અંદર લોકો પાન-મસાલા ખાઈને ગમે ત્યાં થૂંકતા હોય છે અથવા તો નાસ્તા-પાણી કરીને કચરો બસની અંદર જ નાખતા હોય છે. ત્યારે બસમાં મુસાફરી કરતા દરેક લોકો સ્વચ્છતા પ્રત્યે પોતાની નૈતિક ફરજ દાખવીને બસની અંદર સ્વચ્છતા જાળવે તેમજ જે વ્યક્તિ સ્વચ્છતાનું પાલન નથી કરતી તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

# ગીર સોમનાથના તાલાલામાં ભૂંકપનો આંચકો અનુભવાયો

## સાંજે ૬.૦૮ કલાકે આંચકો આવ્યો હતો અને કેન્દ્રબિંદુ તાલાલાથી બે કિલોમીટર દૂર નોંધાયું હોવાનું જાણવા મળી રહ્યું છે

ગીર સોમનાથ,તા.૨૭

ફરી એક વખત ધરા ધ્રૂજી છે. આજે મંગળવારે સાંજના સમયે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગીર સોમનાથના તાલાલામાં ભૂંકપનો આંચકો અનુભવાતા લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. જ્યારે આજે સાંજે ૬.૦૮ કલાકે આંચકો આવ્યો હતો અને કેન્દ્રબિંદુ તાલાલાથી બે કિલોમીટર દૂર નોંધાયું હોવાનું જાણવા મળી રહ્યું છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તિવ્રતા ૩.૨ નોંધાઈ છે.

નોંધનીય છે કે, આ પહેલા ૧૯ નવેમ્બરના રોજ ક્ષિણ ગુજરાતના વલસાડમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જિલ્લાના ધરમપુર તાલુકામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સવારે ૧૧.૦૩ વાગ્યે ૨.૫ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના મોળાઆંબા ગામ નજીક ભુકંપનું એપિસેન્ટર નોંધાયું હતું.તેના એક દિવસ અગાઉ કચ્છ જિલ્લામાં રાપર સહિત વાગડ વિસ્તારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેમાં ૪.૦ની તીવ્રતાના ભૂકંપને કારણે વાગડની ધરા ધ્રુજી હતી. રાતે ૮.૧૮ મિનિટે અહીંયા ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેના કારણે લોકો દોડીને ઘરની બહાર નીકળ્યા હતા. ભૂકંપને કારણે લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

રાપરથી લઈને ભચાઉ, ગાંધીધામ સહિતના વિસ્તારોમાં આ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. મહત્વનું છે કે આ ભૂકંપનું કેન્દ્ર બિંદુ રાપરથી ૨૬ કિમી દૂર નોંધાયું હતું.કચ્છમાં આંચકો અનુભવાયો તેના ચાર દિવસ અગાઉ ઉત્તર ગુજરાતની ઘણી બધી જગ્યાએ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

જેમાં પાટણ, પાલનપુર, મહેસાણા અને અમદાવાદ સહિતના શહેરોમાં ૪.૨ની તીવ્રતાનો ભૂકંપના આંચકા લોકોએ અનુભવ્યા હતા. જેનું કેન્દ્ર બિંદુ પાટણથી ૧૩ કિલોમીટર દૂર ચાણસ્મા તાલુકાના સેવાળા ગામમાં નોંધાયું હતું અને રાતે ૧૦.૧૬ કલાકે ભૂકંપ આવ્યો હતો. પરિણામે તે સમયે પણ લોકો ઘરની બહાર લોકોનો જીવ બચાવા દોડ્યા હતા.



ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળીને પ્રાકૃતિક કૃષિને મિશન મોડમાં દેશવ્યાપી બનાવવા બદલ તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો.

# સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી વખતે પ્રેમ થયો, પણ તલાટી બનતા પ્રેમીએ અન્ય સાથે સગાઈ કરી લીધી

ગાંધીનગર,તા.૨૭

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના મુખ્ય મથક બનેલા ગાંધીનગરમાં હજારો યુવક-યુવતીઓ પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા હોય છે. કોચિંગ ક્લાસ અને લાઈબ્રેરી વચ્ચેની આ દોડધામ દરમિયાન પ્રેમ કે આકર્ષણની લાગણી થવાનું સ્વાભાવિક છે. સુરેન્દ્રનગરની યુવતી અને બાયડના યુવકે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી દરમિયાન પ્રેમ થયો હતો. યુવક તલાટી બની ગયો અને યુવતી હજુ તૈયારી કરી રહી છે. લગ્નના વચનો આપીને એક વર્ષ સુધી શરીરની ભૂખ સંતોષનારા યુવકે અન્ય યુવતી સાથે સગાઈ કરી લેતાં યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

યુવતીએ સે-૨૧ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ગાંધીનગરમાં તે પેઈંગ ગેસ્ટ તરીકે રહેતી હતી. રોજ સેકટર-૧૧ની લાઈબ્રેરીમાં વાચન માટે જતી હતી ત્યારે તેનો પરિચય બાયડના યુવક સાથે થયો હતો.

ધીમે ધીમે વાતચીતનો દોર અને સમય જતાં બન્ને ગાઢ પ્રેમમાં પડ્યા હતા. બાદમાં યુવકે યુવતીને પ્રેમ જાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપી હતી. યુવક પર વિશ્વાસ રાખીને યુવતી રાજસ્થાન, મુંબઈ સહિતના સ્થળોએ ફરવા પણ ગઈ હતી. આ યુવક અનેક વખત યુવતીને સે- ૧૬ માં રહેતા સગાના સરકારી મકાનમાં લઈ જતો હતો અને લગ્નના વચનો આપી શારીરિક ભૂખ સંતોષતો હતો.

એવામાં યુવક તલાટીની પરીક્ષામાં પાસ થઈ જતાં તેના રંગઢંગ બદલાઈ ગયા હતા. યુવતી સાથેના સંબંધો ઓછા કરી દેવાની સાથે તેણે યુવતીની અવગણના શરૂ કરી હતી. એક વર્ષથી પ્રેમીની રાહ જોઈ રહેલી યુવતીને ખબર પડી હતી કે, તેના તલાટી પ્રેમીએ સગાઈ કરી લીધી છે.

યુવતીએ લગ્નના વચનો આપીને તરછોડી દેનારા તલાટી હાર્દિક સોલંકી વિરુદ્ધ ફરિયાદ આપતા સે - ૨૧ પોલીસે દુષ્કર્મનો ગુનો દાખલ કર્યો છે.

# મહીસાગરમાં જાતિના દાખલા મુદ્દે બાળકોએ કર્યો અભ્યાસનો બહિષ્કાર

ખાનપુર,તા.૨૭

પોતાના બાળકો ભણે ગણે અને સારા હોદા પર બિરાજે તેવું સપનું દરેક મા-બાપ જોતા હોય છે. પરંતુ શું તમે ક્યારેય સાંભળ્યું છે કે બાળકો શાળાએ ના જાય તેવું મા-બાપ ઈચ્છે ? પરંતુ આવી જ કંઈક ઘટના મહીસાગર જિલ્લામાં બની છે. મહિસાગરમાં તંત્રના વાંકે હવે વાલીઓ પોતાના બાળકોને શાળાએ મોકલવાનું ટાળી રહ્યા છે.

મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને જાતિનો દાખલો છેલ્લા અનેક વર્ષોથી આપવામાં નથી આવતો. આ વાત આજકાલની નથી, પરંતુ ૨૦૧૭-૧૮થી વાલીઓ પ્રશાસનને અપીલ કરી રહ્યા છે કે તેઓના બાળકોને જાતિના દાખલા આપવામાં આવે પરંતુ પ્રશાસન દ્વારા કોઈને કોઈ કારણે ગલ્લા તલ્લા થઈ રહ્યા હોય હવે વાલીઓ કંટાળ્યા છે. તેઓનું કહેવું છે કે જ્યાં સુધી જાતિના દાખલા નહી મળે ત્યાં સુધી અમે અમારા બાળકોને શાળાએ નહી મોકલીએ.મંગળવારે સતત ચોથા દિવસે પણ આદિવાસી સમાજ દ્વારા પોતાના બાળકોને શાળાએ ન મોકલી પ્રશાસન સામેની નારાજગી વ્યકત કરવામાં આવી છે. આજે ૭૮૪૧ બાળકો ગેરહાજર રહ્યા હતા. શિક્ષણ વિભાગ દ્વારા સમજાવટના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### યાત્રાધામથી લઈને હેરિટેજ સિટી અમદાવાદના આકર્ષણોએ પ્રવાસીઓને આકર્ષિત કર્યા

# ગુજરાતના પ્રવાસન સ્થળોની પંદર દિવસમાં ૬૧ લાખ પ્રવાસીઓએ લીધી મુલાકાત : કાંકરિયા ટોપ ઉપર

ગાંધીનગર, તા.૨૭ દેશ-વિદેશના સહેલાણીઓમાં ગુજરાતના પ્રવાસન ક્ષેત્રો પ્રત્યે અનેરૂં આકર્ષણ છે. ગુજરાતના પ્રવાસન ક્ષેત્રના વિકાસની સાથે પ્રવાસીઓના અનુભવને અભૂતપૂર્વ બનાવવા માટે વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. પરિણામે, ઉત્તરોત્તર બહોળી સંખ્યામાં પ્રવાસીઓ રાજયના અનેરા સૌંદર્ય અને વિવિધતાને માણવા માટે પહોંચી રહ્યાં છે. આ વર્ષે દિવાળીની રજાઓ દરમ્યાન તા. ૨૬ ઓકટોબરથી ૧૫ નવેમ્બર સુધી વીસ દિવસના સમયગાળામાં, રાજયના ૧૬ પ્રવાસન આકર્ષણો અને યાત્રાધામની ૬૧ લાખ ૭૦ હજાર ૭૧૬ લોકોએ મુલાકાત લીધી હતી. આ સમયગાળામાં ગુજરાતના પ્રસિદ્ધ આકર્ષણો જેમ કે સ્ટેચ્યુ ઑફ યુનિટી-આકર્ષણો, અટલ બ્રિજ, રિવરફ્રન્ટ ફલાવર પાર્ક, કાંકરિયા તળાવ, પાવાગઢ મંદિર, અંબાજી મંદિર, ગિરનાર રોપવે, સાયન્સ સિટી, વડનગર, સોમનાથ મંદિર, દ્વારકા મંદિર, નડાબેટ, સ્મૃતિવન, ગીર તેમજ દાંડી સ્મારક ખાતે બહોળી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચ્યા હતા. અમદાવાદમાં સાડા પાંચ લાખથી વધુ પ્રવાસીઓએ કાંકરિયા પરિસરમાં વિવિધ આકર્ષણોની મોજ માણી હતી. એટલે કે પ્રવાસન સ્થળોમાં સૌથી વધુ પ્રવાસીઓ કાંકરિયા તળાવ જોવા પહોંચ્યા હતા તો મ્યુનિ. તંત્રના અગત્યના એવા રિવરફ્રન્ટ ફલાવર પાર્ક પ્રોજેકટને નિહાળવામાં પ્રવાસીઓનું ઉદાસીન વલણ જોવા મળ્યું હતું. માત્ર ૧૬ હજાર પ્રવાસીઓ તે જોવા પહોંચ્યા હતા. બીજા ક્રમે પ્રવાસન સ્થળમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૪.૯૦ લાખ પ્રવાસીઓએ જોવામાં રસ દાખવ્યો હતા. જ્યારે ગીર જંગલ સફારી જોવા ૧.૧૩ લાખ અને અમદાવાદના અટલ બ્રિજને જોવા માટે ૧.૭૭ લાખ પ્રવાસીઓ ઉમટ્યા હતા. બીજી તરફ ધાર્મિક યાત્રા ધામ દ્વારકા ખાતે ૧૩.૪૩ લાખ લોકો પહોંચ્યા હતા. દેશ વિદેશના પ્રવાસીઓના ફેવરિટ ગણાતા રણોત્સવની શરૂઆત થઈ ગઈ છે. રણોત્સવની મુલાકાત દરમ્યાન પ્રવાસીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિવિધ એડવેન્ચર સ્પોર્ટ્સ એક્ટિવિટી પણ યોજવામાં આવે છે. રણોત્સવ ૨૦૨૪-૨૫માં એડ્વેન્ચર ઝોન (૨૦ અલગ-અલગ એડ્વેન્ચર પ્રવૃત્તિઓ જેવી કે પેરા મોટરિંગ, એ.ટી.વી



રાઈડ વગેરે), ચિલ્ડ્રન એક્ટિવિટી વિથ ફન/નોલેજ પાર્ક (૧૦ અલગ-અલગ પ્રવૃત્તિઓ જેમ કે, ન્યુટ્રિશનની સમજ આપતી ગેમ અને એક્ટિવિટી, વી. આર ગેમ ઝોન વગેરે)નું આયોજન કરવામાં આવ્યું છે. ભારતની યજમાનીમાં આયોજિત થયેલી G-20 બેઠકોનો એક દોર ગુજરાતમાં પણ રહ્યો હતો. રાજ્ય સરકારે, કચ્છના ધોરડો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા વિશ્વકક્ષાના પ્રવાસન સ્થળોએ G-20 બેઠકોનું સફળતાપૂર્વક આયોજન કર્યુ હતું. G-20 પ્રતિનિધિઓએ ધોળાવીરા, મોઢેરા સૂર્યમંદિર, અમદાવાદનો ઐતિહાસિક વારસો, ગિફ્ટ સિટી અને દાંડી કુટીર સહિતના આકર્ષણોની મુલાકાત લઈને તેની સરાહના કરી હતી. પ્રાચીન નગરોની મુલાકાત તેમના માટે એક યાદગાર સંભારણું બની હતી અને તેમના પ્રતિભાવોમાં તેમણે જણાવ્યું હતું કે આ સમગ્ર વિશ્વની ધરોહર છે, જેને આવનારી પેઢી માટે સાચવી રાખવી જરૂરી છે.

# રાજ્યના ચેરિટી કમિશનર વિભાગમાં મોટાપાયે બદલીથી રોષ : મુખ્યમંત્રી સુધી કરાઈ રજૂઆત

**● સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ વિરૂધ્ધની બદલી હોઈ રદ કરવા માંગણી ● જમીનોની NOCનો ભ્રષ્ટાચાર, ભાગ બટાઈ, આંતરિક લડાઈ પૈકી કયા કારણો બદલી માટે જવાબદાર : કોંગ્રેસ**

ગાંધીનગર, તા.૨૭ રાજ્ય સરકારના ચેરિટી કમિશનર વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓની બદલીને લઈ વિવાદ ઊભો થયો છે. રાજયભરમાં ૨૫૦ કર્મચારીમાંથી ૧૭૩ કર્મચારીની બદલી કરવામાં આવતાં મોટો વિવાદ ઊભો થયો છે. રાજ્ય સરકારના ચેરિટી કમિશનરની કચેરી દ્વારા એક સાથે ૧૭૩ જેટલા કર્મચારીઓની બદલી કરાતા હોબાળો મચી જવા પામ્યો છે. જેને લઈને નિવૃત્ત ઈન્ચાર્જ ચેરિટી કમિશનર જે.આઈ. અંતાણીએ જણાવ્યું હતું કે ૨૫૦ કર્મચારીમાંથી ૧૭૩ કર્મચારીની બદલી કરવામાં આવી છે. કર્મચારીઓની બદલી સરકારના ૨૫-૧૧-૨૦૦૫ના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ વિરૂદ્ધ કરાઈ છે. નિયમ પ્રમાણે કુલ કર્મચારીઓના ૧/૩ કર્મચારીઓની જ બદલી કરી શકાય છે, એટલે કે ૮૪થી વધુ કર્મચારીઓની એકસાથે બદલી થાય નહિ. સામાન્ય રીતે ઉનાળુ વેકેશનમાં બદલી થતી હોય છે, જેથી કરીને કોઈનાં બાળકો અભ્યાસ કરતા હોય તો તેમને એડમિશનમાં મુશ્કેલી ન પડે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પતિ-પત્ની બંને નોકરી કરતા હોય તો એવા કિસ્સામાં તંત્રએ બદલી માટે વિચારવું પડે. કોઈની નિવૃત્તિ નજીક હોય તો વતનથી દૂર બદલી થઈ શકે નહીં, તેમને વતનમાં સમાવવાનું જી.આર.માં સ્પષ્ટ છે. બદલીના હુકમમાં ક્યાંય ઠરાવનો ઉલ્લેખ નથી. આ બદલી હુકમ તાત્કાલિક અસરથી રદ થવો જોઈએ. આ લોકોએ મનસ્વી રીતે બદલી કરી છે. ચેરિટી કમિશનરમાં જે દૂષણ ઘૂસી ગયું છે તેનો મારો વિરોધ છે. બદલીનો લઈ આ કર્મચારીઓ હાઈકોર્ટમાં પણ જઈ શકે છે. જોકે હાઈકોર્ટના વકીલોની ફી આ કર્મચારીઓને પોસાય એમ નથી. ના છૂટકે આ કર્મચારીઓને બદલીની જગ્યાએ હાજર થવું પડે એવી સ્થિતિનું નિર્માણ થયું છે, જેથી સરકારે આમાં હસ્તક્ષેપ કરવો જોઈએ. કાયદા સચિવ, કાયદામંત્રી, ચીફ સેક્રેટરી અને મુખ્યમંત્રી દરેકે હસ્તક્ષેપ કરી આ બદલીના હુકમને તાત્કાલિક અસરથી રદ કરવો જોઈએ અને ઉનાળામાં સરકારના ઠરાવ પ્રમાણે બદલી કરવી જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે રાજયભરમાં ચેરિટી કમિશનર વિભાગના વર્ગ-૩ના એકસાથે ૧૭૩ જેટલા કર્મચારીઓની બદલી કરી દેવામાં આવતાં કર્મચારીઓ ચિંતિત બની ગયા છે અને કર્મચારીઓમાં ભારે રોષ પણ જોવા મળી રહ્યો છે. જોકે તેમને બદલીના સ્થળે હાજર થવું પડે તેમ છે, જેથી આ બદલીને હુકમ રદ કરવામાં આવે એવી માગ ઊઠી છે કોંગ્રેસના પ્રવક્તાએ બદલીના કારણો અંગે સવાલો કરતાં જણાવ્યું છે કે, અધિકારીઓની આંતરિક લડાઈ, ટ્રસ્ટોની જમીનોનો NOC માટેનો ભ્રષ્ટાચાર, ભાગ બટાઈનો ઝઘડો ગાંધીનગર સુધી હપ્તા નેટવર્કમાં તિરાડ વગેરેમાંથી કયા કારણો જવાબદાર છે ?

## શિક્ષણ બોર્ડ દ્વારા ૩૦ જાન્યુઆરીએ પ્રખરતા શોધ કસોટી લેવાશે

### પરીક્ષા માટે ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ, ૧૦ ડિસેમ્બર સુધી ભરી શકાશે

અમદાવાદ, તા.૨૭ રાજ્યની સ્કૂલોમાં ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડ દ્વારા ૩૦ જાન્યુઆરીના રોજ પ્રખરતા શોધ કસોટી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રખરતા શોધ કસોટીને લઈને મંગળવારથી ઓનલાઈન આવેદનપત્રો ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જેમાં સ્કૂલો દ્વારા વિદ્યાર્થીઓના ફોર્મ ૧૦ ડિસેમ્બર સુધી ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રખરતા શોધ કસોટી લેવામાં આવે છે, જેને લઈને બોર્ડ દ્વારા રાજ્યની તમામ માધ્યમિક સ્કૂલોના આચાર્યોને પત્ર લખી જાણ કરી છે. જેમાં જણાવાયું છે કે, ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજિત થતી પ્રખરતા શોધ કસોટી ચાલુ વર્ષે ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ લેવામાં આવશે. પ્રખરતા શોધ કસોટી(TST)ના આવેદનપત્રો ૨૬ નવેમ્બર, ૨૦૨૪થી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ દરમ્યાન બોર્ડની વેબસાઈટ ઉપરથી ફક્ત ઓનલાઈન માધ્યમથી જ ભરી શકાશે. પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્રો ભરવા અંગેની જરૂરી વિગતો બોર્ડની વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે. પરીક્ષા માટે આવેદન કરનારે બેંક ખાતા મુજબનું નામ, બેંક ખાતા નંબર, બેંકની શાખા, IFSC કોડ વગેરે જેવી વિગતો પોતાની બેંક પાસબુકને આધારે કાળજીપૂર્વક ભરવાની રહેશે. પરિણામ બાદ મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને પુરસ્કારની રકમ આવેદનપત્રમાં દર્શાવેલ બેંક ખાતામાં જ જમા કરવામાં આવશે.


### રાજ્ય સરકારના સમય અને નાણાં ન વેડફાય તે માટે લેવાયો મહત્ત્વનો નિર્ણય

# જીપીએસસી દ્વારા લેવાતી ભરતી પરીક્ષામાં સૌપ્રથમ વાર હવે સંમતિપત્રક આપવું પડશે

ગાંધીનગર,તા.૨૭ ગુજરાત પસંદગી સેવા મંડળ દ્વારા લેવાતી ભરતી પરીક્ષાના તંત્રને વ્યવસ્થિત કર્યા બાદ જીપીએસસીની કમાન સંભાળનાર ઉચ્ચ આઈપીએસ અધિકારી હસમુખ પટેલે ભરતી પરીક્ષા માટે મોટો અગત્યનો નિર્ણય જાહેર કર્યો છે. હવે GPSC દ્વારા સૌપ્રથમ વખત ઉમેદવારોના સંમતિપત્રક લેવાશે. સરકારના સમય અને નાણાં ન વેડફાય એ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સંમતિપંત્રકમાં સંમતિ દર્શાવ્યા બાદ વિદ્યાર્થીએ ફરજિયાતપણે પરીક્ષા આપવી પડશે. પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ જ સંમતિપત્રક ભરી શકશે. ફોર્મ ભરાય છે, પરંતુ ઉમેદવારો પરીક્ષા ન આપતા હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉમેદવારોની સંખ્યા વધારે હશે એવી પરીક્ષામાં જ સંમતિપત્ર લેવાશે. ગુજરાત જાહેર સેવા આયોગના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત જાહેર સેવા આયોગ પાસે પરિણામો જલદી જાહેર થાય અને પરીક્ષાઓ ઝડપથી લે એવી ઉમેદવારો અપેક્ષા રાખતા હોય છે. તાજેતરમાં લીધેલી પરીક્ષાઓમાં ઉમેદવારોની સંખ્યા બહુ ઓછી જોવા મળી હતી. આગામી સમયમાં રાજ્ય વેરા અધિકારીની લેવાનારી પરીક્ષામાં સંમતિપત્રક લેવામાં આવશે. સંમતિપત્રકમાં કોઈપણ પ્રકારની ફી લેવામાં આવશે નહિ. સરકારના પૈસા અને સમય ન વેડફાય એ માટે સંમતિપત્રકની પ્રક્રિયા અમલમાં મૂકી છે. ડિસેમ્બર અને જાન્યુઆરીમાં ૧૧ ભરતી પરીક્ષા યોજાશે. ૧૧ પરીક્ષામાં જાહેર સેવા આયોગ દ્વારા ફેરફાર કરાયો છે. સરકારની વિવિધ ૧૧ કેડરની ભરતીમાં પ્રાથમિક કસોટીમાં ફેરફાર થયો છે. ભાગ-૧ પ્રશ્નપત્ર તમામ કેડર માટે એક સમાન રહેશે. ભાગ-૨નું પ્રશ્નપત્ર વિષય પ્રમાણે અલગ અલગ રહેશે. અગાઉ દરેક કેડર માટે ભાગ-૨નું પેપર અલગ અલગ નીકળતું હતું. દરેક કેડરના ભાગ-૧નો અભ્યાસક્રમ એક સરખો હોવાથી હવે ભાગ-૧નું પેપર કોમન રહેશે. ભાગ-૧ અને ભાગ-૨ની પરીક્ષામાં એકાદ અઠવાડિયું અંતર રહેવાથી ઉમેદવારોને તૈયારી કરવામાં સરળતા રહેશે. ૧૧ ભરતી પૈકી ૮નું સામાન્ય અભ્યાસક્રમનું પેપર એક જ રહેશે. જે ભરતીમાં ઉમેદવારોની સંખ્યા વધુ હશે ત્યાં આયોગ દ્વારા સંમતિપત્રક લેવામાં આવશે તેમ જીપીએસસીના ચેરમેન વધુમાં જણાવ્યું હતું. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે પંચાયત પસંદગી મંડળની તલાટી કમ મંત્રીની પરિક્ષાની જેમ સંમતિ પત્રક લેવામાં આવશે. સંમતિ પત્રની સાથે ફિ ડિપોઝીટ પેટે લેવાય છે. પરંતુ હાલ જીપીએસસી પાસે વ્યવસ્થા ન હોવાથી ફી લીધી નથી. તારીખ ૨ ડિસેમ્બર સુધી સંમતિ પત્ર ઉમેદવારોએ ભરવાના રહેશે. સંમતિ પત્ર ન ભરે તે ઉમેદવારોના કોલ લેટર ડાઉનલોડ નહીં કરી શકે. ચેરમેનના જણાવ્યા મુજબ ડિસેમ્બર માસમાં જીપીએસસી દ્વારા ભરતી પરિક્ષા લેવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનિય છે કે સામાન્ય અભ્યાસની પરિક્ષા ૧૨ અને ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ લેવાશે.

# નવી સૂચિત જંત્રીના લીધે ફક્ત નવા નહીં વર્તમાન મિલકત ધારકોને પણ પડશે ફટકો

અમદાવાદ, તા.૨૭ સરકાર દ્વારા પ્રસ્તાવિત નવી જંત્રીના સૂચિત દરના લીધે ઘર, ફલેટ કે કોમર્શિયલ બાંધકામ મોંઘા થશે એની ચિંતા છે. પરંતુ જંત્રીનાપ્રસ્તાવિત દરથી વર્તમાન મકાન કે દુકાન જેવી મિલકત ધરાવતા લોકોનો બોજ પણ વધવાનો છે. એટલુ જ નહીં આ બોજ વાર્ષિક ધોરણે વધશે. રાજય સરકારે નવી જંત્રી માટેનો મુસદો અત્યારે બહાર પાડયો છે અને તેના અંગે સૂચનો મેળવવામા આવી રહયા છે. જંત્રીના દરમાં બમણા કરતા વધારે ભાવના પ્રસ્તાવથી નવા વેરો ગણવા માટે જંત્રી પણ એક પરિબળ છે, સમૃદ્ધ વિસ્તારોમાં ફેર નહીં પડે, જ્યારે અન્યોનો બોજ બમણો થશે. તેમ સ્પષ્ટ થઈ રહ્યું છે. રાજયના મહાનગરોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં પ્રોપર્ટી ટેકસ દર વર્ષે લેવામાં આવે છે. આ પ્રોપર્ટી ટેકસની ગણતરીમાં એક પરિબળ જંત્રી આધારીત છે. જંત્રીના ભાવના આધારે શહેરને સમૃદ્ધ, સારો, મધ્યમ અને નબળો એમ ચાર ભાગમાં વહેંચવામાં આવે છે અને તે અનુસાર પ્રોપર્ટી ટેકસ વસૂલવામાં આવે છે. એટલે અત્યારે રૂપિયા ૬,૭૫૦થી ૧૩,૫૦૦ના ભાવની જંત્રી હોય તો મધ્યમ ગણવામાં આવે છે. જંત્રી વધવાથી આ મધ્યમ વિસ્તાર સીધો સમૃદ્ધ કે સારો થઈ જશે અને તે અનુસાર પ્રોપર્ટી ટેકસ પણ વધારે ચૂકવવો પડશે. આ અંગે એવી



શકયતા છે કે વાર્ષિક ધોરણે મિલકતવેરો દોઢો કે બમણો થઈ શકે છે. સૌથી ખરાબ સ્થિતિ એવી છે કે સમૃદ્ધ વિસ્તારમાં અત્યારના વર્ગીકરણ અનુસાર પ્રોપર્ટી ટેકસના ભારણમાં કોઈ ફેરફાર થશે નહીં અમદાવાદ કોર્પોરેશનમાં શાસક ભાજપે બે વર્ષ પહેલા વાર્ષિક અંદાજપત્રમાં જંત્રીના ભાવમાં વધારો થાય તો પણ તેનો બે વર્ષ સુધી અમલ નહીં કરવા ઠરાવ મંજૂર કર્યો હતો. વર્ષ-૨૦૨૩-૨૪ના મ્યુનિસિપલ કમિશનર એમ.થેન્નારસને રજૂ કરેલા ડ્રાફ્ટ બજેટમાં પ્રોપર્ટી ટેકસના દરો માટેના લેટીંગ રેટમાં ૦.૫ ટકા સુધી વધારો કરવા દરખાસ્ત કરી હતી.શાસકપક્ષે તેમાં સુધારો કરી લેટીંગ રેટ મુજબ ૦.૨ ટકાનો વધારો કરવા મંજૂરી આપી હતી. બે વર્ષથી અમદાવાદના લોકો લેટીંગ રેટ મુજબ વધુ પ્રોપર્ટી ટેકસ ચૂકવે છે. વેરો ગણવાની પદ્ધતિમાં વાર્ષિક દર (પ્રતિ ચોરસ મીટર)ને મિલકતના ક્ષેત્રફળ, જંત્રી, બાંધકામનું આયુષ્ય, મિલકતનો પ્રકાર અને કયા હેતુ માટે તેનો ઉપયોગ થાય છે તેવા ફેક્ટર કે પરિબળનો ઉપયોગ કરવામાં આવે છે.

# મહારાષ્ટ્રના લોકો જાણે છે કે NCPનો સંસ્થાપક કોણ છે, અમે હારના કારણો જાણવા અભ્યાસ કરીશું : શરદ પવાર

મુંબઈ તા.૨૭ વિધાનસભાની ચૂંટણીમાં દારૂણ હારનો સામનો કર્યા બાદ પહેલી વાર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)ના અધ્યક્ષ શરદ પવારે પત્રકારોને પ્રતિક્રિયા આપી હતી. આ વાતચીતમાં તેમણે હારના કારણથી લઈને આગળની રણનીતિ વિશે વાત કરી હતી. અમારી અપેક્ષા મુજબનાં પરિણામો નથી, પણ છેવટે લોકોએ આપેલો આ નિર્ણય છે. અત્યારે મારી પાસે કોઈ અધિકૃત માહિતી ન હોવાથી પરિણામ બાબતે કંઈ પણ કહેવું યોગ્ય ન કહેવાય. તેમણે કહ્યું કે અનેક વર્ષોથી અમે સામાજિક જીવનમાં છીએ, પણ આવો અનુભવ ક્યારેય નથી થયો. હવે જ્યારે આવો અનુભવ થયો છે ત્યારે એનો અભ્યાસ કરીને, એનાં કારણો સમજીને નવા ઉત્સાહ સાથે લોકો સમક્ષ જવું જરૂરી છે. તેમણેજણાવ્યું કે લાડલી બહિણ યોજનાનો સત્તાધારી પક્ષો દ્વારા જે દુષ્પ્રચાર કરવામાં આવ્યો (મહાવિકાસ આઘાડી સત્તા ઉપર આવશે તો આ યોજના બંધ થઈ જશે) એને લીધે મોટા પ્રમાણમાં અમુક વર્ગે અમારા વિરોધમાં મતદાન કર્યું. અમારા જો મહાવિકાસ આઘાડીએ મુખ્ય પ્રધાનનો ચહેરો પહેલેથી જાહેર કર્યો હોત તો પણ કોઈ ખાસ ફરક પડ્યો ન હોત એવું મને લાગે છે.

## ૨૦૨૩માં રોજ સરેરાશ ૧૪૦ મહિલાઓ અને છોકરીઓની હત્યા જીવનસાથી અથવા સંબંધી દ્વારા કરવામાં આવી : UN રિપોર્ટ

મુંબઈ તા.૨૭ મહિલાઓ માટે ઘર સૌથી ખતરનાક સ્થળ બની ગયું છે. યુએનની બે એજન્સીઓએ જણાવ્યું હતું કે, ગત વર્ષે સરેરાશ ૧૪૦ મહિલાઓ અને છોકરીઓની તેમના ઘરોમાં એમના જીવનસાથી અથવા પરિવારના સભ્ય દ્વારા હત્યા કરવામાં આવી હતી. વૈશ્વિક સ્તરે, ૨૦૨૩ દરમ્યાન લગભગ ૫૧,૧૦૦ મહિલાઓ અને છોકરીઓના મૃત્યુ માટે જીવનસાથી અથવા કુટુંબના સભ્ય જવાબદાર હતા. યુએન વુમન અને યુએન ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમનું કહેવું છે, જ્યારે ૨૦૨૨ માં આ આંકડો ૪૮,૮૦૦ હોવાનો અંદાજ હતો. મહિલા વિરૂદ્ધ હિંસા નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ ઉપર જાહેર કરાયેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આ વધારો વધુ હત્યાઓનું પરિણામ નથી પરંતુ મુખ્યત્વે દેશોમાંથી વધુ ડેટા ઉપલબ્ધ થવાનું પરિણામ છે. બંને એજન્સીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે દરેક જગ્યાએ મહિલાઓ અને છોકરીઓ આ લિંગ આધારિત હિંસાના આત્યંતિક સ્વરૂપથી પ્રભાવિત થઈ રહી છે અને કોઈપણ પ્રદેશ તેનાથી અછૂત નથી. મહિલાઓ અને છોકરીઓ માટે ઘર સૌથી ખતરનાક સ્થળ છે. અહેવાલ મુજબ, જીવનસાથી અને પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવેલી હત્યાના સૌથી વધુ કેસ આફ્રિકામાં હતા, જેમાં ૨૦૨૩માં અંદાજિત ૨૧,૭૦૦ મહિલા પીડિતો હતી. આફ્રિકા તેની વસ્તીના સંદર્ભમાં પીડિતોની સંખ્યામાં પણ મોખરે રહ્યું, દર ૧,૦૦,૦૦૦ લોકો દીઠ ૨.૯ પીડિતો સાથે. આ રિપોર્ટ જણાવે છે કે ગયા વર્ષે અમેરિકામાં પણ આ દર ઘણો ઊંચો હતો, જ્યાં દર ૧ લાખે ૧.૬ મહિલા પીડિતો હતી, જ્યારે ઓસનિયામાં આ દર ૧ લાખ દીઠ ૧.૫ હતો. આ દર એશિયામાં ઘણો ઓછો હતો, જ્યાં દર ૧,૦૦,૦૦૦ પર ૦.૮ પીડિતો હતા, જ્યારે યુરોપમાં દર ૧,૦૦,૦૦૦ દીઠ ૦.૬ હતા.

# કેનેડાએ ભારતના મુસાફરોના વધારાના પરીક્ષણ કરવાનો નિર્ણય પાછો ખેંચ્યો

નવીદિલ્હી તા.૨૭ કેનેડાએ ભારત જતા મુસાફરોના વધારાના પરીક્ષણનો નિર્ણય પાછો ખેંચી લીધો છે. સીબીસી ન્યૂઝ અનુસાર, કેનેડાના પરિવહન મંત્રી અનિતા આનંદના કાર્યાલયે ગઈકાલે (૨૧ નવેમ્બર, ૨૦૨૪) આ માહિતી આપી હતી અને કહ્યું હતું કે તેઓએ પ્રતિબંધો હટાવ્યા છે. આ નવા નિયમો ગયા સપ્તાહે જ લાગુ કરવામાં આવ્યા હતા. કેનેડાના પરિવહન મંત્રી અનિતા આનંદે ગયા સોમવારે કહ્યું હતું કે કેનેડાથી ભારત જતા મુસાફરો માટે અત્યંત સાવધાની રાખવામાં આવી રહી છે. એર કેનેડા દ્વારા ભારતમાં મુસાફરી કરતા મુસાફરોને એક નોટિસ પણ મોકલવામાં આવી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે ભારતમાં મુસાફરી કરતા તમામ મુસાફરો માટે કડક સુરક્ષા આદેશોને કારણે, તેમની આગામી ફ્લાઈટ્સ માટે રાહ જોવાનો સમય અપેક્ષા કરતા વધુ લાંબો થવાની ધારણા છે. જો કે, કેનેડાની સરકારે નવા પ્રોટોકોલને દૂર કરવાના કારણોની સ્પષ્ટતા કરી નથી. કેનેડિયન એર ટ્રાન્સપોર્ટ સિક્યુરિટી ઓથોરિટી (સીએટીએસએ) દ્વારા લેવામાં આવેલા પગલાઓમાં એવું કહેવામાં આવ્યું હતું કે પ્રતિબંધિત વિસ્તારોમાં પ્રવેશતા પહેલા મુસાફરો અને તેમના સામાનની એરપોર્ટ પર તપાસ કરવામાં આવશે. અહેવાલો અનુસાર, વધારાની તપાસ અને એરપોર્ટ પર લાંબી કતારોના કારણે ભારતની ફ્લાઈટ્સ મોડી પડી હતી. ઑક્ટોબરમાં નવી દિલ્હીથી શિકાગો જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતાં તપાસ વિસ્તારવાની જાહેરાત કરવામાં આવી હતી. ફ્લાઈટને કેનેડાના ઈક્લુઈટ તરફ વાળવામાં આવી હતી. જો કે તપાસ બાદ અહીં કોઈ વિસ્ફોટકો મળ્યા નથી. ફ્લાઈટ્સ પર મળેલી ધમકીઓમાં ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ પણ ૧ થી ૧૯ નવેમ્બર દરમિયાન એર ઈન્ડિયાની ફ્લાઈટ્સ સામે જાહેર ધમકી આપી હતી. કેનેડા અને અમેરિકાની બેવડી નાગરિકતા ધરાવતા પન્નુએ ભૂતકાળમાં પણ આવી જ ધમકીઓ આપી છે. કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ કેનેડાની ધરતી પર નિજ્જરની હત્યામાં ભારત સરકારનો હાથ હોવાનો આક્ષેપ કર્યા પછી કેનેડા અને ભારત વચ્ચે રાજદ્વારી અવરોધ ઊભો થયો છે.

# કોડીનાર ખાંડ ઉદ્યોગ આગામી પીલાણ સીઝન ૨૦૨૫-૨૬થી પુનઃધમધમતો થશે

**કોડીનાર તાલુકા ની જીવાદોરી સમાન શ્રી બીલેશ્વર ખાંડ ઉદ્યોગને પુનઃ શરૂ કરવા ઈન્ડીયન પોટાશ લી.એ શેરડી ખરીદીના વિશ્વાસ સાથે વાવેતર નીતિ બહાર પાડતા ખેડૂતોમાં ખુશી**

**છેલ્લા ૧૦ વર્ષથી બંધ પડેલી માતૃસંસ્થા પુનઃશરૂ કરવા સર્વાનુમતે ઠરાવ કરાયો હતો : શેરડીનું પેમેન્ટ ખેડૂતોના ખાતામાં સીધું અને એક આંકડે જમાં થશે : આઈપીએલ અધિકારી વી.ડી. ચૌધરી**





કોડીનાર તા.૨૭

છેલ્લા ૧૦ વર્ષથી બંધ પડેલી કોડીનાર તાલુકાની જીવાદોરી સમાન શ્રી બિલેશ્વર ખાંડ ઉદ્યોગને પુનઃ શરૂ કરવા ખાસ સાધારણ સભા મળી હતી. આ સાધારણ સભામાં ઈન્ડીયન પોટાશ લી. ન્યુદિલ્હીને લીઝ પર આપી ખાંડ ઉદ્યોગને પુનઃ શરૂ કરવા સર્વાનુમતે ઠરાવ કરાયો હતો. ત્યારબાદ ઈન્ડીયન પોટાશ લી. ન્યુદિલ્હીનાં અધિકારીઓએ ખાંડ ઉદ્યોગના મેનેજમેન્ટ સાથે બેઠક કરી પિલાણ સીઝન ૨૦૨૫-૨૬ માટે વાવેતર સીઝન ૨૦૨૪-૨૫ માટે વાવેતર નીતિ બહાર પાડતા શેરડી પકવતા ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

ગીરના ખેડૂતોની જીવાદોરી સમાન છેલ્લા એક દાયકાથી બંધ પડેલી ૧૨૦૦૦ ખેડૂત સભાસદોની માતૃસંસ્થા એવી શ્રી બીલેશ્વર ખાંડ ઉદ્યોગ કોડીનારને ઈન્ડિયન પોટાશ લિ., ન્યુ દિલ્હી સાથે ૩૦ વર્ષના ભાડા કરારથી પુનઃ ચાલુ કરવા બાબતે ખાસ સાધારણ સભા ગત તા.૨૨.૧૦.૨૦૨૪ નાં રોજ મળી હતી. જેમાં ખાંડ ઉદ્યોગને વહેલી તકે લીઝ ઉપર આપી પુનઃ શરૂ કરવા સર્વે હક્કો ચેરમેનને આપી બિલેશ્વર ખાંડ ઉદ્યોગને ફરી ધમધમતો કરવા સાધારણ સભામાં એકી સુરે ઠરાવ કર્યો હતો. ત્યારબાદથી પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ સંસ્થાના ચેરમેન પી.એસ. ડોડીયા મેનેજમેન્ટ અને બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા સતત પ્રયત્નો બાદ ઈન્ડીયન પોટાશ લી.ના એમડી પી.એસ. ગેહલોતની સૂચનાથી અધિકારીઓની ટીમ કોડીનાર આવી ખાંડ ઉદ્યોગના મેનેજમેન્ટ સાથે બેઠક કરી પિલાણ સીઝન ૨૦૨૫-૨૬ માટે વાવેતર સીઝન ૨૦૨૪-૨૫ માટે ખેડૂતોની શેરડી ખરીદવાના વિશ્વાસ સાથે વાવેતર નીતિ બહાર પાડી હતી. આ અંગે સંસ્થાના એમડી રાજનભાઈ વૈંશે જણાવ્યું હતું કે ઈન્ડીયન પોટાશ લીમીટેડ-ન્યુ દિલ્હીના સૌજન્યથી બિલેશ્વર ખાંડ ઉદ્યોગ દ્વારા આગામી વાવેતર સીઝન ૨૦૨૪-૨૫ અને પીલાણ સીઝન ૨૦૨૫-૨૬ માટે શેરડી વાવેતર નીતી બહાર પાડવામાં આવી છે. જેમાં ખેડૂત સભાસદો અને બિન સભાસદોએ શેરડીનું વાવેતર વહેલા તે પહેલાનાં ધોરણે કરવાનું રહેશે, શેરડીની સારી જાતોનું વાવેતર કરવાનું રહેશે, શેરડી વાવેતરની નોંધ વિભાગ પ્રમાણે સંસ્થા દ્વારા ખોલવામાં આવેલ ઓફીસે કરાવવાની રહેશે, શેરડીની વાવેતરની નોંધ કર્યા બાદ શેરડી વાવેતર પ્લોટનો સર્વે કરવામાં આવશે. ત્યારબાદ નોંધ માન્ય ગણાશે, નોંધ કરાવેલ શેરડી ફરજીયાત સંસ્થાને પીલાણમાં આપવાની રહેશે. જેનો ઈન્ડીયન પોટાશ લી. દ્વારા કેન્દ્ર સરકારની એફ.આર.પી. (લઘુતમ ભાવની નીતી) મુજબ શેરડીનો ભાવ ચુકવવામાં આવશે. અને આ સાથે શેરડીનું રોપાણ અને પીલાણ અંગે સંસ્થા તથા ઈન્ડીયન પોટાશ લીમીટેડ ન્યુ દિલ્હી તરફથી બહાર પાડવામાં આવતા નીતિ નિયમોનો અમલ કરવાનો રહેત તેવું જણાવ્યું હતું. આ સાથે ગીરના ખેડૂતોને વધુમાં વધુ શેરડીનું વાવેતર કરવા અનુરોધ કરી ફરીવાર સંસ્થાને પુનઃ શરૂ કરાવવામાં સહયોગ આપવા બદલ સંસ્થાનાં ચેરમેન અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી સહકાર મંત્રી અમિતભાઈ શાહ જીએસસી બેંકના ચેરમેન અજયભાઈ પટેલ અને પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીનો આભાર વ્યક્ત કર્યો હતો.

જ્યારે ઈન્ડિયન પોટાશ લિમિટેડ વતી હાજર રહેલા વી.ડી. ચૌધરીએ જણાવ્યું હતુ કે, ઈન્ડિયન પોટાશ લી. છેલ્લા સાત દાયકાથી ખેડૂતોને રાસાયણિક ખાતર તેમજ યુરિયા, ડીએપી અને પોટાશ છેવાડાના ખેડૂત સુધી પહોંચાડે છે. આ સાથે ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા બંધ પડેલી સુગર મિલોને ચાલુ કરી ખેડૂતોના આર્થિક ઉધારનું એક ઉમદા કાર્ય શરૂ કર્યુ છે. જેના ભાગરૂપે ઉત્તર પ્રદેશની ૬ અને ઓડીસાની એક મળી કુલ સાત બંધ સુગર મિલો અત્યાર સુધીમાં પુનઃ કાર્યરત કરી છે. અને હવે ગુજરાતની અને ખાસ કરીને સૌરાષ્ટ્રની કોડીનાર અને તાલાળા બંને સુગર ફેક્ટરીઓને પણ શરૂ કરવામાં આવનાર છે ત્યારે ચાલુ વર્ષથી જ અમો ખેડૂતોને વિશ્વાસ આપીએ છીએ કે તમારી શેરડી ઈન્ડિયન પોટાશ લિમિટેડ ખરીદશે અને સાથોસાથ સરકારે નક્કી કરેલા એફઆરપી મુજબના ભાવો પણ ચુકવાશે અને ખેડૂતોને એકી આંકડે પોતાની શેરડીનું મૂલ્ય વળતર ખેડૂતોના ખાતામાં સીધું જ જમાં કરવામાં આવશે. અને જેના ભાગરૂપે હાલ કોડીનાર બિલેશ્વર ખાંડ ઉદ્યોગની શેરડી વાવેતર નીતિ બહાર પાડવામાં આવી છે જે અનુરૂપ દરેક ખેડૂતો પોતાની શેરડી નોંધાવી અને સારી ક્વોલિટીની શેરડી વાવે અને આગામી નવેમ્બર ૨૦૨૫થી અતિ આધુનિક ટેકનોલોજીઓ સાથે બંને સુગર મિલોની પીલાણ સીઝન પણ શરૂ કરવામાં આવશે. નક્કી કર્યાથી વધુ રિકવરી મળશે તો ખેડૂતોને સારા ભાવો પણ મળશે તેમ જણાવી ખેડૂતોને વધુમાં વધું શેરડીનું વાવેતર કરવા અનુરોધ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે કોડીનાર પંથકમાં શેરડી એ મુખ્ય પાક હોય અને તેનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય છે. ત્યારે આ ફેકટરી બંધ રહેવાથી ૭૮ જેટલા ગ્રામ્ય વિસ્તારના ૧૨૦૦૦ જેટલા સભાસદો, ખેડુતો અને તાલુકાના વેપારીઓને દર વર્ષે અંદાજે ૨૦૦ કરોડ જેટલા ટર્નઓવરનું નુકસાન થાય છે. ત્યારે આજે વર્તમાન બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા ઈન્ડિયન પોટાશ લિમિટેડ ન્યુ દિલ્હીને આ ખાંડ ઉદ્યોગ લીઝ ઉપર આપી કોડીનારની જીવાદોરીની પૂનઃ જીવિત કરવાના સંકલ્પ સાથે આજે વાવેતર નીતિ બહાર પાડી આગામી વર્ષથી ખેડૂતોની શેરડી ખરીદી સારા ભાવો આપવાની સાથે એકી આંકડે શેરડીના પૈસા પણ સીધા ખેડૂતોના ખાતામાં જમાં કરવાની જાહેરાત કરતા તાલુકાભરમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# જૂનાગઢ જીલ્લાના વિવિધ એકમો કે જ્યાં જાહેર જનતાની અવર-જવર રહેતી હોય ત્યાં સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત



જૂનાગઢ, તા.૨૭

અમદાવાદમાં ભૂતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ અલગ જગ્યાએ શ્રેણીબંધ બૉમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકતને નુકસાનીના બનાવો થયેલ છે. ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અનુસાર આવી ઘટનાઓની શક્યતાઓ ભવિષ્યમાં રહેલી છે. ઉપરાંત શહેરમાં વિભિન્ન પ્રકારના લૂંટ, ધાડ જેવા ગુનાઓ પણ બનતા હોય છે. આવા ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તેમજ તપાસકામે સી.સી.ટી.વી. કેમેરા ઉપયોગી બની શકે તેમ હોવાનું જણાવી, વિવિધ એકમો કે જ્યાં જાહેર જનતાને અવર-જવર રહે છે. તેવા સ્થળોએ જાહેર જનતાની સુરક્ષા માટે સી.સી.ટી.વી કેમેરા લગાવવા તેમજ આનુષંગિક જરૂરી પગલાં લેવા સૂચનાઓ બહાર પાડતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી લઈને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.એફ. ચૌધરીને ફોજદારી BNSS,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં તમામ હોટલ, ખાણીપીણીની લોજ, ફાસ્ટની દુકાન, ધાબા, ગેસ્ટ હાઉસ, લોજિંગ-બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહો, વિશ્રામ ગૃહો, રિસોર્ટ, ફાર્મહાઉસ, કોમર્શિયલ એકમો, ઔદ્યોગિક એકમો, જીઆઈડીસી, પેટ્રોલ પંપ, સીએનજી પમ્પ, ગેસ એજન્સી, બેંકો, એટીએમ સેન્ટર, સિનેમા ઘર, શોપિંગ મોલ, ટોલ પ્લાઝા, આંગડિયા પેઢી, સાઈબર કાફે, કારખાના, શોરૂમ, જાહેર બાગ બગીચા, ટ્યુશન ક્લાસીસ, યુનિવર્સિટિ, શાળા-કોલેજો, સમાજની વાડી, ચર્ચ, મંદિર, મસ્જિદ, મદ્રેસા, એમ્યુઝમેન્ટ પાર્ક, વોટરપાર્ક, રોપ-વે, સોની વેપારીની દુકાનો તથા મોટી સંખ્યામાં માણસો ભેગા થતા હોય તેવા મેળા જેવા સ્થળોએ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ તથા પાર્કિંગના સ્થળોએ તથા જે તે જગ્યાના મહત્વના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે તેમજ તેનું રેકોર્ડિંગ ૩૦ માટે સાચવવાનો રહેશે.

સીએનજી કે પેટ્રોલ પંપના માલિક/સંચાલકોએ સીએનજી પમ્પ/પેટ્રોલ પંપનો સમગ્ર વિસ્તાર આવરી લે તેમજ પેટ્રોલ/ડીઝલ/સીએનજી ફીલિંગ સ્ટેશન ઉપર વાહન આવે ત્યારે આવા વાહનના નંબર તેમજ ચાલક સ્પષ્ટ રીતે કેમેરામાં કેદ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન થતા હાઈ ડેફીનેશનના) રેકોર્ડિંગ સિસ્ટમ સાથે પૂરતી સંખ્યામાં રાખવાના રહેશે. પ્રાઈવેટ સિક્યુરિટી રાખવા માંગતા એકમ/પેઢીઓએ લાઈસન્સ ધરાવતી અધિકૃત સિક્યુરિટી એજન્સીના તથા તાલીમબધ્ધ સિક્યુરિટી ગાર્ડ રાખવાના રહેશે. આવા ગાર્ડ રાઉન્ડ ધી ક્લોક રાખવાના રહેશે. તેમજ જો કોઈ એકમની માલિકી બદલાય તો તે અંગેની જાણ આધાર પુરાવાઓ સાથે તરત જ એસ.ઓ.જી. શાખા, પોલીસ અધિક્ષકની કચેરી, જૂનાગઢમાં તથા લગત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. મલ્ટીપર્પઝ થિયેટર/કોમર્શિયલ મોલ/સેન્ટર/રોપ-વે તથા મેળા કાર્યક્રમના આયોજકોએ આવા સ્થળો ખાતે મેટલ ડિટેક્ટર લગાવવાના રહેશે. ઘણા ખરા કેસોમાં ગુનેગારો સી.સી.ટી.વી. કેમેરા તોડી નાખતા હોય છે. જેથી સી.સી.ટી.વી કેમેરા રેકોર્ડિંગ એક્સેસ કરવું મુશ્કેલ બને છે/શક્ય બનતું નથી. આથી આવું ન બને તે હેતુસર ડી.વી.આર. સિસ્ટમને કોઈ પણ નુકસાની ન થઈ શકે તે રીતે આવી સિસ્ટમ કેમેરાથી અલગ જગ્યાએ લોકરમાં સુરક્ષિત રીતે રાખવાની રહેશે. તેમજ સી.સી.ટી.વી કેમેરાઓમાં ભારતીય માનક સમયાનુસાર ચોક્કસ પણ સમય સેટ કરવાનો રહેશે.

આ જાહેરનામું તાત્કાલીક અસરથી તા. ૧૮-૧-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNSS,૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામા ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોસ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

# સુજલામ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ

**જીલ્લામાં ૧૯૨ જેટલા જળસંચયને લગતા કામો દ્વારા તળાવો વગેરેની જળસંગ્રહ ક્ષમતા વધારાઈ**

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામા સુજલામ સુફલામ્ જળ અભિયાન ૨૦૨૪ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક જિલ્લા સેવા સદન, ખંભાળિયા ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના વિસ્તારને લાગુ પડતા ક્ષાર અંકુશ, પંચાયત સિંચાઈ, વોટરશેડ, વન અને પર્યાવરણ વિભાગો તેમજ ગુજરાત પાણી પુરવઠા બોર્ડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કરાયેલા ૧૯૨ જેટલા જળસંચયને લગતા કામોની સમિક્ષા કરવામાં આવી હતી. નોંધનીય છે કે આ કામો દ્વારા



જિલ્લામાં ખોદકામ કરીને ૪.૪૭ લાખ ઘન મીટર જેટલી માટી કાઢીને આટલી જળસંગ્રહ ક્ષમતાનો વધારો કરાયો છે. વધુમાં પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા લોકભાગીદારીથી કરવામાં આવનાર ડીપનિંગ, ડીસિલ્ટિંગના અન્ય ૧૮ કામોને સમિતી દ્વારા મંજૂર કરવામાં આવ્યાં હતાં. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એ.બી. પાંડોર સહિત સમિતિના સદસ્યશ્રીઓ અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# પીજીવીસીએલ દ્વારા સુત્રાપાડા તથા તાલાળા પંથકમાં વીજ ચેકીંગ હાથ ધરાયું

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૭

ચાલુ સાપ્તાહીકમાં વડી કચેરી પીજીવીસીએલ રાજકોટના માર્ગદર્શન તથા સીધી સૂચનાથી વીજ ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને ગીર સોમનાથ જિલ્લાની વિભાગીય કચેરી હેઠળના વેરાવળ સુત્રાપાડા તથા તાલાલા તાલુકાની પેટા વિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૨૫ જેટલી વીજ ચેકિંગ ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમિયાન રહેણાંક, વાણિજિયક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૭૩૨ જેટલા વીજ જોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૬૩ વીજ જોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૩૯.૧૫ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા.

આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

**કોંગ્રેસે દેશવ્યાપી અભિયાન ચલાવવાની જાહેરાત કરી**

# બેલેટ પેપરથી ચૂંટણી માટે દેશભરમાં અભિયાન ચલાવશે, કોંગ્રેસનું મોટું એલાન

મહારાષ્ટ્ર,તા.૨૭

કોંગ્રેસે બેલેટ પેપર દ્વારા ચૂંટણી કરાવવાની માંગ માટે દેશવ્યાપી અભિયાન ચલાવવાની જાહેરાત કરી છે. પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મંગળવારે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે ચૂંટણી બેલેટ પેપરથી જ થાય અને તેના માટે અમે ભારત જોડો યાત્રાની તર્જ પર દેશભરમાં પ્રચાર કરીશું. ખડગેએ કહ્યું, 'હું એક વાત કહીશ કે ઓબીસી, એસસી, એસટી અને નબળા વર્ગના લોકો તેમની પૂરેપૂરી તાકાતથી જે વોટ આપી રહ્યા છે તેનો વ્યય થઈ રહ્યો છે. અમે કહીએ છીએ કે બધું છોડી દો અને બેલેટ પેપર દ્વારા મતદાન કરવાની માંગ કરો. તે લોકોને તેમના ઘરમાં મશીન રાખવા દો. અમદાવાદમાં ઘણા વેરહાઉસ બનેલા છે, ત્યાં મશીનો લઈ જઈને રાખવા જોઈએ. અમારી એક જ માંગ છે કે ચૂંટણી બેલેટ પેપરથી થવી જોઈએ. જો આમ થશે તો આ લોકોને ખબર પડશે કે તેઓ ક્યાં ઉભા છે.

પાર્ટી અધ્યક્ષે કહ્યું, 'હું કહું છું કે અમારી પાર્ટીએ એક અભિયાન શરૂ કરવું જોઈએ અને આ માટે તમામ પાર્ટીઓએ સાથે મળીને ચાલવું જોઈએ. અમે રાહુલ ગાંધીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ભારત જોડો યાત્રા જેવી ઝુંબેશ ચલાવીશું.' આ દરમિયાન મલ્લિકાર્જુન ખડગેએ જાતિ ગણતરીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે પીએમ નરેન્દ્ર મોદી જાતિ ગણતરીથી ડરે છે. પરંતુ તેઓએ સમજવું જોઈએ કે સમાજનો દરેક વર્ગ તેનો હિસ્સો માંગે છે અને તેની માંગ કરી રહ્યો છે.

તેમણે કહ્યું કે જો તમે ખરેખર દેશમાં એકતા ઈચ્છતા હોવ તો તમારે નફરત ફેલાવવાનું બંધ કરવું પડશે. એટલું જ નહીં, બંધારણ દિવસના અવસર પર મલ્લિકાર્જુન ખડગેએ એવી માંગ પણ ઉઠાવી હતી કે સંસદમાં બે દિવસ આ અંગે ચર્ચા થવી જોઈએ. તેમણે કહ્યું કે આનાથી લોકોને બંધારણ વિશે જાણકારી મળશે અને તેને કેવી રીતે સુરક્ષિત કરવામાં આવશે તેની પણ ચર્ચા કરવામાં આવશે.

તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિની જોરદાર જીત બાદ વિપક્ષી પાર્ટીઓએ ફરી એકવાર ઈવીએમનો મુદ્દો ઉઠાવ્યો છે. ઉદ્ધવ સેનાના સંજય રાઉતનું કહેવું છે કે ફરીથી ચૂંટણી થવી જોઈએ અને જો બેલેટ પેપરથી મતદાન થશે તો સાચુ પરિણામ આવશે. એટલું જ નહીં શરદ પવારે આ વખતે ઈવીએમ પર પણ શંકા વ્યક્ત કરી છે. નોંધનીય છે કે ચૂંટણી પંચે ઈવીએમને લઈને ઉઠેલી શંકાઓને વારંવાર નકારી કાઢી છે.

**ISKCON એ ભારત સરકારને હસ્તક્ષેપ કરવા કરી અપીલ**

# બાંગ્લાદેશમાં ચિન્મય પ્રભુની ધરપકડને લઈને હોબાળો

ઢાકા,તા. ૨૭

ચિન્મયની ઢાકાના હઝરત શાહજલાલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. જો કે, તેણે કયા આરોપો માટે તેને રાખવામાં આવ્યો હતો તેની વિગતો આપી ન હતી. બંગાળી ભાષાના અખબાર પ્રથમ આલોએ અહેવાલ આપ્યો કે દાસ ઈસ્કોન ટ્રસ્ટના નેતા હતા. તાજેતરમાં જ તેને ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો. બાંગ્લાદેશ પોલીસે સોમવારે ઢાકામાં હિંદુ જૂથ સમિષ્ઠ સનાતની જોટના નેતા અને ઈસ્કોન ટ્રસ્ટના સચિવ ચિન્મય કૃષ્ણ દાસ બ્રહ્મચારીની ધરપકડ કરી હતી. હિંદુ સમુદાયના લોકોએ તેમની ધરપકડ વિરુદ્ધ પ્રદર્શન કર્યું અને હવે તેમની તાત્કાલિક મુક્તિ માટે બાંગ્લાદેશમાં રહેતા ભારતીયો પ્રદર્શન કરી રહ્યા છે. આ દરમિયાન હિંદુ આંદોલનકારીઓ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. એક પ્રોફેસર ઘાયલ થયા હોવાની માહિતી મળી છે. તમને જણાવી દઈએ કે બાંગ્લાદેશમાં હિંદુઓ પર થયેલા હુમલાઓ સામે વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ ચિન્મયે કર્યું હતું. મળતી માહિતી મુજબ, ચિન્મયની રાજદ્રોહના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. પોલીસ પ્રવક્તા રેઝાઉલ કરીમે જણાવ્યું કે ચિન્મયની ઢાકાના હઝરત શાહજલાલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. જો કે, તેણે કયા આરોપો માટે તેને રાખવામાં આવ્યો હતો તેની વિગતો આપી ન હતી. બંગાળી ભાષાના અખબાર પ્રથમ આલોએ અહેવાલ આપ્યો કે દાસ ઈસ્કોન ટ્રસ્ટના નેતા હતા. તાજેતરમાં જ તેને ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો. દરમિયાન, હવે આ મામલે ઈસ્કોન તરફથી એક નિવેદન આવ્યું છે, તેઓએ કહ્યું, અમને ચિંતાજનક સમાચાર મળ્યા છે કે ઈસ્કોન બાંગ્લાદેશના અગ્રણી નેતાઓમાંના એક ચિન્મય કૃષ્ણ દાસની ઢાકા પોલીસે અટકાયત કરી છે. ઈસ્કોનને ગમે ત્યાં આતંકવાદ સાથે કોઈ લેવાદેવા છે તેવા પાયાવિહોણા આક્ષેપો કરવા તે અત્યાચારી છે. ઈસ્કોન ભારત સરકારને તાત્કાલિક પગલાં લેવા અને બાંગ્લાદેશ સરકાર સાથે વાત કરવા વિનંતી કરે છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત ખાસ ઝુંબેશમાં કુલ ૧૪૯૯૯ ફોર્મ ભરાયા

**નવા ફોર્મ ૫૮૯૭ ભરાયા, ૬૭૧૪ મતદારોએ સુધારો કરાવ્યો તેમજ ૨૩૮૮ નામ રદ કરાયા**

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૭


દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૬૩૪ મતદાન મથકો ઉપર મતદારયાદી સુધારણાના ખાસ ઝુંબેશ દરમિયાન જિલ્લાની બે વિધાનસભા મતક્ષેત્રમાં ૩૬૦૭ યુવા મતદારોની નોંધણી કરવામાં આવી છે. જેમાં ખંભાળિયા વિધાનસભા મતવિભાગમાં ૧૫૬૩ તથા દ્વારકા વિધાનસભા મતવિભાગમાં ૨૦૪૪ યુવા મતદારોએ નામ નોંધાવ્યા છે. આ તમામ યુવા મતદારોને આગામી ફેબ્રુઆરી મહિનામાં ચૂંટણી કાર્ડ મળશે.

ચૂંટણી પંચના આદેશ પ્રમાણે મતદારયાદી સુધારણાના ખાસ ઝુંબેશમાં બી.એલ.ઓ. દ્વારા મતદાન મથકો ઉપર કેમ્પ કરવામાં આવ્યા હતા. ખાસ ઝુંબેશ કેમ્પમાં જિલ્લામાં કુલ ૫૮૯૭ નવા ફોર્મ ભરાયા જેમાં ખંભાળિયા વિધાનસભા મતવિભાગમાં ૩૦૬૮ તથા દ્વારકા વિધાનસભા મતવિભાગમાં ૨૮૨૯ મતદારો નોંધાયા છે. સૌથી વધુ ૬૭૧૪ મતદારોએ નામ-સરનામાંમાં ફેરફાર કરાવ્યા છે. ખંભાળિયા વિધાનસભા મતવિભાગમાં ૩૯૮૮ અને દ્વારકા વિધાનસભા મતવિભાગમાં ૨૭૨૬ મતદારોએ નામ-સરનામાંમાં ફેરફારના ફોર્મ ભર્યા છે. તેમજ ૨૩૮૮ મતદારોએ મતદારયાદીમાંથી નામ કમી કરાવ્યા છે. જેમાં ખંભાળિયા વિધાનસભા મતવિભાગમાં ૧૧૪૪ તથા દ્વારકા વિધાનસભા મતવિભાગમાં ૧૨૪૪ મતદારોએ નામ રદ કરાવ્યા છે.

સમય...સમય બળવાન છે....

# ૨૬/૧૧ જેવા આંતકવાદી હુમલા કરનાર દેશમાં ગૃહયુદ્ધ જેવી પરિસ્થિતિ ?!






(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૨૭

વર્ષ ૨૦૦૮ ની તારીખ ૨૬/૧૧ ના પાકિસ્તાન દ્વારા કૂખ્યાત કચ્છ ના આખાત દ્વારા તેમના આંતકવાદીઓ ને મચ્છીમારો ના સ્વાંગ માં ઘૂષણખોરી કરાવનાર પાકિસ્તાન માં સોળ વર્ષ બાદ આજના દિવસે પખતૂનો, બ્લુચીઓ, સિંધિઓ,પઠાણીઓ દ્વારા પાકિસ્તાને તેહરીક એ ઈન્સાફ પાર્ટી ના ટેકા માં ઈસ્લામાબાદ માં ઘૂષણખોરી કરી આજના દિવસે દેશમાં ગૃહ યુદ્ધ જેવી પરિસ્થિતિ નિર્માણ થવા પામવા પાછળ બેલારુસ ના સરમુખત્યાર એલેકઝાન્ડર લૂકાશેક્ર ની મુલાકાત હોવાનું મનાઈ રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન ના એક સમય ના વડા પ્રધાનમંત્રી અને વિશ્વ વિખ્યાત ક્રિકેટર ઈમરાંખાન દ્વારા દેશ મા મિલ્ટરી શાશન નો વિરોધ કરતા લશ્કરી શાશકો દ્વારા તેમને સતાભ્રષ્ટ કરી જેલ માં બંધ કરી વિશ્વ ને પાકિસ્તાન માં લોકશાહી હોવાનું દર્શાવવા કરાયેલ ચુંટણી ની હકીકત વિશ્વ જાણે જ છે. ત્યારે ગત તારીખ ૨૦.૧૧.૨૪ ના રોજ ઈસ્લામાબાદ ની સુપરીયર કોર્ટ દ્વારા ગ્રાફ્ટ કેસ માં જામીન મંજુર કરવામાં આવ્યા પણ તેને જેલ મુક્ત કરવાના બદલે અન્ય બીજા પેન્ડિંગ કેસો નો આધાર બનાવી પ્રજા સમક્ષ જવા માટે ની મંજૂરી ના મળતા તેની પાર્ટી પાકિસ્તાન તહેરિક એ ઈન્સાફ પાર્ટી દ્વારા ઈસ્લામાબાદ માં વિરોધ પ્રદર્શન ચાલુ કરતાં આજ સુધી પાકિસ્તાન ના સતા સ્થાન થી દૂર રહેલા બ્લુચિસ્તાન ના બ્લુચીઓ,ખેબર પખતુન ના પાંખતુનિઓ,સિંધ પ્રાંત ના સિંધી અને પઠાણો, ઈસ્લામાબાદ માં ઘૂષણખોરી કરી રોડ પર ઉતરી આવતાં અને પાકિસ્તાન ના રાજકીય સતાધિશો અને લશ્કરી સતાધિશો ના રહેઠાણ,ઓફિસ જેવા પોશ વિસ્તાર ડી ચોક નો કબ્જો સંભાળી લેતા આજ તારીખ ૨૬/૧૧/૨૦૦૮ ના સોળ વર્ષ બાદ એટલે કે આજ તારીખ ૨૬/૧૧/૨૦૨૪ નાં આજ પાકિસ્તાન દ્વારા દેશ પર પોતાની મેરી ટાઇમ એજેન્સી ની મદદ થી આંતરરાષ્ટ્રીય જલ સીમા અને આંતરરાષ્ટ્રીય દેશદ્રોહી માફિયાઓ ના એપી સેન્ટર જેવા કૂખ્યાત કચ્છ ના આખાત માથી તેમના આંતકવાદીઓ ને ઘુસાડી દેશ ની આર્થિક રાજધાની મુંબઈ પર દશ દશ આંતકવાદીઓ દ્વારા આંતકવાદી હુમલો કરાવી વિશ્વ ને પોતાનો દેશ આંતકવાદીઓ બનાવવાની ફેક્ટરી હોવાનું અને પી.ઓ.કે થી કાશ્મીર માં વર્ષો થી અવીરત આંતકવાદી પ્રવૃત્તિ ચલાવનાર પાકિસ્તાને દેશવાસીઓ ને કાશ્મીર બાદ હવે દેશ માં પણ પોતે ગમે ત્યાં અને ગમે ત્યારે આંતકવાદી હુમલો કરાવી શકે છે તેનો પરિચય આપ્યા નું ઈતિહાસ માં નોંધાયેલ છે.

ત્યારે આજ સોળ વર્ષ બાદ તારીખ ૨૬/૧૧/૨૦૨૪ ના રોજ કર્મ ના સિધ્ધાંતો મુજબ સમય અને સ્થાન બદલાય છે. પણ કરેલા કર્મ ના પરિણામ વ્યાજ સાથે વસુલ થાય છે તે ન્યાયે પાકિસ્તાન ના આ કર્મ નું ફળ હવે તેને ભોગવવાનું હોય તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ રહેલ હોય તેમ ગૃહ યુદ્ધ તરફ દેશ ધકેલાય રહ્યો હોય તેવા તોફાનો ફાટી નીકળતા અને ડી ચોક નો કબ્જો તોફાનીઓ દ્વારા કરવામાં આવતાં તંત્ર દ્વારા શૂટ એન્ડ સાઈટ મતલબ દેખો તેને ઠાર મારવાનો હુકમ કરાતા અને બેલાસૂર ના સરમુખત્યાર રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર લૂકાશેક્ર અહીં ત્રણ દીવસ ની મુલાકાતે આવ્યા જે છેલ્લા બે દિવસ થી બંધ હાલત માં ક્યાંક છુપાઈ ગયા છે જે અહીં ની સાચી પરિસ્થિતિ કેટલી ખરાબ છે તે દર્શાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બેલાસૂર દેશ રશિયા નો નોર્થ ઈસ્ટ અને યુક્રેઈન ની સાઉથ દિશા પર આવેલ અને યુરોપ સાથે સરહદ થી જોડાયેલા અને વર્ષ ૧૯૯૧ થી આઝાદ થયેલ અને પાકિસ્તાન ની માફક સરમુખત્યાર શાશકો હેઠળ રહેલા આ દેશ ની પ્રજા ની હાલત પણ બહુ સારી નથી. ત્યારે હાલ ની પરિસ્થિતિ શું પરિણામ લાવશે તે તો આવનારો સમય દર્શાવશે પરંતુ આજ ની પરિસ્થિતિ કર્મ નો સિદ્ધાંત ને સત્ય કરે છે.

## વેરાવળ, સુત્રાપાડા, તાલાલા પંથકમાંથી ૬૩ આસામીઓ વીજ ચોરી કરતા ઝડપતા ૩૯ લાખનો દંડ ફટકારાયો

### વિજ વિભાગની ૨૫ જેટલી ટીમોએ એસઆરપી જવાનો સાથે વીજ ચેકીંગ હાથ ધરેલ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૭

વેરાવળ, સુત્રાપાડા તથા તાલાલા પંથકોમાં વિજ વિભાગની ટીમોએ ધામા નાંખી વિજ ચોરી કરતા ૬૩ આસામીઓને ઝડપી લઈ ૩૯.૧૫ લાખના દંડના બિલો ફટકારી ધોરણસરની કાર્યવાહી હાથ ધરતા વીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે.

આ અંગે માહિતી આપતા અધીક્ષક ઈજનેર એસ. એચ. રાઠોડ અને કાર્યપાલક ઈજનેર જે.જે.કાચાએ જણાવેલ કે, પીજીવીસીએલની વડી કચેરીની સુચના મુજબ ગીર સોમનાથની વિભાગીય કચેરી હેઠળના વેરાવળ-સોમનાથ, સુત્રાપાડા તથા તાલાલા તાલુકાની પેટાવિભાગીય કચેરીઓ હેઠળના જુદા જુદા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં એસ.આર.પી. અને પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ વિજ ઈજનેરોની ૨૫ જેટલી ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી.

આ કામગીરીમાં રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી મળીને કુલ ૭૩૨ જેટલા વીજજોડાણો માં તપાસ કરવામાં આવતા ૬૩ જેટલા વિજ કનેકશનોમાં જુદા-જુદા પ્રકારની ગેરરીતિ જોવા મળી હતી. જેથી ૬૩ આસામીઓને રૂ.૩૯.૧૫ લાખના દંડના બિલો ફટકારવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં વિજ ચેકિંગની ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનશે તેવું વીજતંત્રના સૂત્રો જણાવી રહ્યા છે.

## ૮૦ મનોદિવ્યાંગ બાળકો સોમનાથ મહાદેવની ધ્વજા પુજા અર્ચના કરી ભાવવિભોર બન્યા





### સોમનાથ ટ્રસ્ટે મનોદિવ્યાંગ બાળકોને ખાસ વ્યવસ્થામાં દર્શન કરાવી ભોજન પ્રસાદ કરાવ્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૭

જગવિખ્યાત સોમનાથ મહાદેવના દર્શને આવનાર યાત્રીઓને અગ્રીમતા આપીને સરળતાથી મહાદેવના દર્શન થાય તેવી યાત્રી સુવિધાઓથી સોમનાથ મંદિર સુસજ્જ છે. તેમાં પણ ખાસ કરીને સીનીયર સીટીઝન અને દિવ્યાંગોની સેવા માટે ટ્રસ્ટની તાલીમ અને વ્યવસ્થાઓ સોમનાથને પ્રથમ બેરિયર ફ્રી મંદિર બનાવે છે. જેના પરીણામે વૃદ્ધો અને દિવ્યાંગો સોમનાથ દાદાના સુખપૂર્વક દર્શન કરી રહ્યા છે. આ દર્શન સાચા અર્થમાં જીવ અને શિવનું મિલનનો સાક્ષાત્કાર કરાવે છે. ત્યારે આજે ૮૦ જેટલા દિવ્યાંગ બાળકોએ મહાદેવની પૂજા અર્ચના કરી ધન્યતા પ્રાપ્ત કરી છે. આ અંગે સોમનાથ ટ્રસ્ટના જીએમ વિજયસિંહ ચાવડાએ જણાવેલ કે, જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લામાં મનોદિવ્યાંગ બાળકોની સેવા કરતી સાંપ્રત ટ્રસ્ટ દ્વારા સોમનાથ ટ્રસ્ટને ૮૦ જેટલા દિવ્યાંગ બાળકોને દર્શન-પુજા હેતુ સંપર્ક કરવામાં આવ્યો હતો. જેથી આજના દિવસે તમામ ૮૦ મનોદિવ્યાંગ બાળકોને મહેમાનોરૂપે સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને તમામનું અદકેરું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે જ તેઓને ટ્રસ્ટની દિવ્યાંગ ફ્રેન્ડલી સુવિધાઓ અંતર્ગત ઈલેક્ટ્રિક ગોલ્ફ કાર્ટમાં મંદિરમાં લવાયા હતા. તમામને વિશેષ વ્યવસ્થા અનુસાર સોમનાથ મહાદેવના શાંતિપૂર્વક દર્શન કરાવવામાં આવ્યા હતા. બાદમાં ટ્રસ્ટના સંકીર્તન ભવનમાં મનોદિવ્યાંગ બાળકો અને તેમના સેવકોને ભક્તિભાવ પૂર્વક ધ્વજાપૂજન કરાવીને તમામને દાદાનો પ્રસાદ આપવામાં આવેલ હતો. આ સાથે સોમનાથ દાદાના વાહલા ભકતો તરીકે તમામ દિવ્યાંગો અને તેમના સેવકોને મોંઘેરા મહેમાન તરીકે મહાપ્રસાદ સ્વરૂપે ભોજન કરાવવામાં આવ્યું હતું. આ તકે મંદિરમાં બાળકો માટે કરાયેલ ખાસ વ્યવસ્થાઓ મહેમાન ગતિથી અભિભૂત થઈને સાંપ્રત ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્રભાઈ પરમારે ટ્રસ્ટ પરિવારનો અંતઃકરણપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## વેરાવળમાં ડિસ્ટ્રીકટ 'બંધારણ દિવસ'ની ઉજવણી કરાઈ

### પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ અને સોમનાથ સંસ્કૃત યુની.ના કુલપતિ સહિતના મહાનુભાવોએ ઉદબોધન કર્યુ





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૭

૨૬ નવેમ્બરના દિવસને સંવિધાન દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આપણા દેશમાં દર વર્ષે ૨૬ મી નવેમ્બરના રોજ ભારતના બંધારણને સ્વીકારવાની યાદમાં ઉજવવામાં આવેછે. ૨૬મી નવેમ્બર ૧૯૪૯ના રોજ ભારતીય બંધારણ સભાએ ભારતના બંધારણને સ્વીકાર્યું હતુ. જે ૨૬ર જાન્યુઆરી ૧૯૫૦થી અમલમાં આવ્યું હતુ. વેરાવળ ખાતે ડાયરેકટોરેટ ઓફ પ્રોસિક્યુશન - ગાંધીનગરના ઉપક્રમે ગીર સોમનાથ જીલ્લા સરકારી વકીલની કચેરી દ્વારા સંવિધાન દિવસની ઉજવણી અંતર્ગત પરિસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.

ગુજરાતની એકમાત્ર શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ સુકાન્તકુમાર સેનાપતિ તેમજ ગીર સોમનાથના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ પી.એસ. ગઢવી સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતીમાં યોજાયેલ કાર્યક્રમમાં સ્પીપા ® પી.ટી.એસના વ્યાખ્યાતા ડો. કે. જે. વૈષ્ણવ, ડિફેન્સ કાઉન્સેલર ડિમ્પલ વ્યાસ, ડે. કલેકટર વિનોદ જોશી, જીલ્લા શિક્ષણ અધિકારી બોરીચા, વેરાવળ બાર એસો. પ્રમુખ સૂર્યકાન્ત સવાની, જીલ્લા ભાજપ અધ્યક્ષ મહેન્દ્રભાઈ પીઠિયા, પાલિકા પ્રમુખ પલ્લવીબેન જાની, જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળા સહિત ના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગીર સોમનાથ જીલ્લા પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ પી.એસ.ગઢવી એ પ્રસંગોચિત ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, આપણો ભારત દેશ વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. દરેક લોકશાહી દેશમાં સુચારુ વ્યવસ્થામાં એના સંવિધાનનું ખુબ મહત્વ રહેલું છે. સ્વતંત્રતાએ દરેક નાગરિકોનો અધિકાર છે. દરેક નાગરિકને દરેક મુદ્દે સ્વતંત્રતા મળવી જોઈએ પરંતુ સ્વતંત્રતા અને સ્વછંદતા વચ્ચે પાતળી ભેદ રેખા છે. બંધારણ આપણી સ્વતંત્રતા સ્વછંદતામાંના પરિણમે એટલા માટે આપણને જાગૃત રાખવાનું મહત્વનું પરિબળ અને ગ્રંથ છે.

અંતમાં બંધારણ દિવસની દરેક દેશવાસીઓને શુભેચ્છા સાથે બંધારણથી આપણને જે અધિકારો પ્રાપ્ત થાય છે એની સાથે સાથે આપણી જવાબદારીઓનું પણ નિષ્ઠાપુર્વક વહન કરવા અનુરોધ કર્યો હતો.

આ ઉપરાંત સ્પીપા & પી.ટી.એસ ના વ્યાખ્યાતા ડો. કે. જે. વૈષ્ણવ તેમજ ડિફેન્સ કાઉન્સેલર ડિમ્પલ વ્યાસ અને સિનિયર એડવોકેટ કિશોરભાઈ કોટકે સંવિધાન અંગે સમજ સાથે નું ખુબજ ઉમદા અને પ્રેરક ઉદબોધન આપ્યું હતું. બંધારણ દિવસ ની ઉજવણી ના કાર્યક્રમ ને મહાનુભાવો એ દીપ પ્રાગટય સાથે ખુલ્લો મુક્યો હતો. જિલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળાએ સ્વાગત પ્રવચન સાથે દરેક મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત

## પોલીસ ફુટ પેટ્રોલીંગ દરમ્યાન ગુમ થયેલ બાળકને શોધી પોતાના માતા-પીતાને મેળવી આપતી જૂનાગઢ એ ડીવીઝન પોલીસ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાના માર્ગદર્શન તથા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના અનુસાર ગુમ થયેલ વ્યકિતઓ/બાળકોનો સંવેદનાપુર્વક અસરકાક કામગીરી કરવા જણાવેલ હોય. જેથી સુચના અનુસંધાને વિભાગીય પોલીસ અધીક્ષક ધાંધલીયાની સુચના મુજબ પો.ઈન્સ. બી.બી.કોળીએ પણ સુચના કરેલ કે કોઈપણ વ્યકિતઓ/બાળકો ગુમ થયેલ હોય તે બનાવ અનુસંધાને અસરકાકર અને તાત્કાલીક કામગીરી કરવી. જેથી પો.સબ.ઈન્સ. વી.એલ. લખધીરની સાથે એ.એસ.આઈ. દેવાયતભાઈ બાબરીયા, પો.કોન્સ. વિક્રમભાઈ કરોતરા, પો.કોન્સ. નારણભાઈ ગળચર તથા પો.કોન્સ. ભરતસીંહ બારડનાઓ તા.૨૬-૧૧-૨૦૨૪ના રોજ કાળવા ચોક તથા જવાહર રોડ ખાતે ફુટ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન જવાહર રોડ ઉપર પહોચતા એક નાનું બાળક ઉ.વ.આશરે ૪ વાળુ વાલી વારસ વગર રોડ ઉપરથી મળી આવતા તુરંત જ પો.સબ.ઈન્સ. વી.એલ. લખધીરનાઓએ સદરહું બાળકને હસ્તગત કરી તેનું નામ પુછતા જણાવેલ ન હોય જેથી



તુરંત જ તેને કાળવા ચોક પોલીસ ચોકી ખાતે લાવી તેનો તુરંત જ એક ફોટો પાડી એ ડીવીજન પોલીસ સ્ટેશનમાં તેમજ વિવિધ ગૃપમાં પ્રસીધ્ધ થવા સારૂ મોકલતા તેઓના વાલી વારસને જણા થતા તુરંત જ બાળકના વાલી વારસ કાળવા ચોક પોલીસ ચોકી ખાતે આવતા તેના વાલી ગીરીશભાઈ દેવજીભાઈ રાઠોડ રહે.જૂનાગઢ દાતાર રોડ આર્ય સમાજની સામે તા.જી.જૂનાગઢ મો.નં. ૮૫૧૧૨ ૪૪૨૬૩ વાળાઓને મળી આવેલ બાળકનું નામ જયદેવ કલ્પેશભાઈ રાઠોડ(ઉ.વ.૪) જણાવેલ અને તે બાળક પોતાના ઘરેથી રમતા રમતા આશરે એક કલાક પહેલા ઘરેથી નીકળી ગયેલ અને ગુમ થયેલ હતો અને તેના વાલી વારસ શોધખોળ કરતા હતા. આ દરમ્યાન તેઓના વાલી વારસને સોસયલ મીડીયા મારફત તેના બાળકની ભાળ મળતા તુરંત જ કાળવા ચોક પોલીસ ચોકી ખાતે આવેલ અને તેઓને પોતાના બાળક જયદેવ કલ્પેશભાઈ રાઠોડ (ઉ.વ.૪) વાળાને પોતાના માતા-પીતાની સાથે મેળાપ કરાવી પોલીસની સતર્કતાથી પોલીસ પ્રજાનો મીત્ર છે તે સુત્રને જૂનાગઢ એ ડીવીઝન પોલીસે સાર્થક કર્યો છે.

## વિરપુર(જલારામ) ક્ષત્રિય ખાંટ રાજપુત સમાજની વાડી ખાતે સ્વ. વેલજીભાઈ સરવૈયાની પ્રતિમાનું અનાવરણ તથા મેરેજહોલનું નામકરણ કાર્યક્રમ તા.૨૯ના રોજ વિરપુર મુકામે ભવ્ય આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

વીરપુર તા.૨૭

પૂજય જલારામ બાપાના પવિત્ર ધામ એવા વિરપુર (જલારામ) ગામે ભારતીય જનતા પાર્ટીના જનસંઘ વખતના કાર્યકર અને અગ્રીમ હરોળના નેતા તેમજ ગત વિધાનસભા-૨૦૨૨ના જેતપુર-જામકંડોરણા શીટના ચુંટણી ઈન્ચાર્જ તેમજ જેતપુર તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ એવા વેલજીભાઈ સરવૈયાનું આકસ્મિક નિધન થયેલ હતું. વેલજીભાઈ સરવૈયાએ પોતાનું સમગ્ર જીવન ભાજપ પાર્ટી માટે તથા ક્ષત્રિય ખાંટ રાજપુત સમાજના વિકાસ માટે સમર્પિત કરીને બલીદાન આપેલ છે તે સ્થાન ભરવું પક્ષ માટે તેમજ ખાંટ રાજપુત સમાજ માટે ખૂબ જ મુશ્કેલ છે. પોતાની રાજકીય કારકિર્દી સને-૧૯૮૦ માં શરૂ કરનાર વેલજીભાઈ સરવૈયાએ જીવનપર્યંત પ્રમાણીક અને કઠીન મહેનતથી અને અગ્રીમ હરોળના નેતા તરીકે અમીટ છાપ છોડી છે. વેલજીભાઈ સરવૈયા પોતાના મીલનસાર સ્વભાવ, તમામ પ્રત્યે સમાન દ્રષ્ટિ ધરાવનાર અને વિરપુર ગામમાં પ્રજાલક્ષી તેમજ વિકાસલક્ષી કાર્યોમાં બલીદાન આપનાર, તેમજ ખાંટ-રાજપુત સમાજમાં અલગ અલગ સંસ્થામાં હોદેદાર રહીને સમાજના વિકાસમાં અમુલ્ય યોગદાન આપેલ તેમજ સેવાકીય કાર્યો કરેલ છે અને આજે પણ તેઓના નિધનને બે વર્ષ થઈ ગયા હોવા છતા જેતપુર તાલુકા ભાજપ પરીવાર તેમજ ખાંટ રાજપુત સમાજમાં તેમની કાયમી ખોટ વરતાઈ રહી છે. તેમની સ્મૃતી કાયમી જળવાય રહે તે માટે આગામી તા.૨૯/૧૧/૨૦૨૪ ના રોજ સ્વ. વેલજીભાઈ સરવૈયાની દ્રિતીય વાર્ષિક પુણ્યતિથી નિમીતે તેમના પરિવારજનોએ વેલજીભાઈની સ્મૃતિમાં સ્વ. વેલજીભાઈ સરવૈયા મેમોરીયલ ટ્રસ્ટની ગત વર્ષે સ્થાપના કરેલ હતી. તેના નેજા હેઠળ તેમજ સમસ્ત ખાંટ રાજપુત સમાજ - વિરપુરના સહયોગથી વિરપુર મુકામે ક્ષત્રિય ખાંટ રાજપુત સમાજ વાડી ખાતે તેમની પ્રતિમા અનાવરણ અને મેરેજ હોલનું નામકરણનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં જેતપુર જામકંડોરણા વિસ્તારના ધારાસભ્ય અને પૂર્વ કેબીનેટ મંત્રી જયેશભાઈ રાદડીયાના વરદ્ હસ્તે કરવામાં આવેલ છે અને આ કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન ખાંટ રાજપુત સમાજના વરીષ્ઠ અગ્રણી તેમજ જૂનાગઢ જીલ્લાના પૂર્વ સરકારી વકીલ નાથાભાઈ મોરીની ઉપસ્થિતીમાં યોજાનાર છે. અન્ય મહાનુભાવોમાં પોરબંદર મત વિસ્તારના સાંસદ તથા કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજકોટ જીલ્લા ભાજપના પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, જેતપુરના પુર્વ મંત્રી જશુમતીબેન કોરાટ ગોંડલના ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજા તથા ખાંટ રાજપુત સમાજના આગેવાનો ભુપતભાઈ સોલંકી, ભીખુભાઈ ભેડા, રમેશભાઈ મકવાણા, હીરાબાપા ગુજરાતી, મુકેશભાઈ ઝાલા, જેતપુર તાલુકાના સરપંચઓ, તાલુકાં- જીલ્લા પંચાયતના સદસ્યઓને પણ આમંત્રણ આપવામાં આવેલ છે. તા.૨૯-૧૧-૨૦૨૪ના રોજ સવારે ૧૦ કલાકે જલારામ નગર રોડ, ખાંટ રાજપુત સમાજની વાડી, વિરપુર (જલારામ) ખાતે પ્રતિમાનું અનાવરણ તેમજ મેરેજહોલનું નામકરણનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ પ્રતિમા અનાવરણ તથા નામકરણનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સરવૈયા પરીવાર દ્વારા સ્વરૂચી ભોજન સમારંભનુ પણ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમની તડામાર તૈયારીઓ ચાલી રહેલ છે. સ્વ. વેલજીભાઈ મેમોરીયલ ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ સરવૈયા તેમજ સમસ્ત ખાંટ રાજપુત સમાજ આગેવાનોએ આ કાર્યક્રમમાં વધુમાં વધુ લોકોને ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવે છે.

## ખંભાળિયાના મહાદેવ વાડામાં શનિવારે બુદ્ધભટ્ટી પરિવારનો હવન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

ખંભાળિયાના રામનાથ સોસાયટી વિસ્તારમાં આવેલા મહાદેવ વાડામાં સ્થિત શ્રી બુદ્ધભટ્ટી કુટુંબના સુરધન દાદા સુરાપુરાની ડેરી ખાતે શનિવાર તારીખ ૩૦ ના રોજ બુદ્ધભટ્ટી પરિવારના હોમાત્મક હવનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શનિવારે સવારે ૮:૩૦ વાગ્યે હવનનો પ્રારંભ થશે. આ હવન જામનગરના સ્વ. જમનાદાસ દામોદર બુધ્ધ પરિવાર દ્વારા યોજાયો છે. જેમાં ઉપસ્થિત રહેવા સર્વે બુદ્ધભટ્ટી પરિવારજનોને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ધમકી મળવા છતાં માધ્યમોનાં પ્રતિનિધિઓએ પત્રકાર પરીષદનો બહિષ્કાર ન કર્યો તે બાબત અત્યંત શરમજનક

જૂનાગઢ તા. ૨૭

ગઈકાલે મુચકુંદ મહાદેવ મંદિરે મહેન્દ્રાનંદગીરીએ એક પત્રકાર પરીષદ બોલાવી હતી અને આ પત્રકાર પરીષદમાં ખુલી ધમકી આપી અને સોશીયલ મિડીયામાં જે પણ ખરાબ ખોટી વાતો જે લોકો ફેલાવી રહયા છે તેને જોઈ લેજો અને મજા નહી આવે તેવું જયારે ખુલેઆમ બોલે છે ત્યારે આ તકે જ ઉપસ્થિત જે કોઈ મિડીયા જગતનાં કે પ્રિન્ટ મિડીયા કે ઈલેકટ્રોનિકસ મિડીયા કે યુ ટયુબ સહીતનાં જે કોઈ માધ્યમોનાં પ્રતિનિધિ હોય તેઓએ તાત્કાલીક અસરથી આ પત્રકાર પરીષદને અધવચ્ચે છોડી દઈ અને સાચા પત્રકાર તરીકેનો ધર્મ બજાવવો જોઈએ પરંતુ તેવું થયું નથી. એકાદ-બે પત્રકારોએ પ્રતિકાર કર્યો હતો. પરંતુ તેમ છતાં અન્ય મોટાભાગનાં માધ્યમોનાં પ્રતિનિધિઓએ મહેન્દ્રાનંદગીરીનો વાર્તાલાપનું પુરેપુરૂ રેકોર્ડીંગ અને કવરેજ કરી અને પોત પોતાનાં માધ્યમોમાં તેને કોઈપણ જાતનાં ખેદ વિના પ્રગટ પણ કરી દીધું તે પણ મિડીયા જગત માટે એક શરમજનક બાબત ગણાય.

અત્રે નોંધનીય છે કે આઝાદી પહેલા અને આઝાદી બાદ પણ પત્રકારત્વ અને અખબારી જગત પોતાનો ધર્મ અદા કરી રહયું છે, દેશની આઝાદીની લડતમાં પણ મહત્વનું યોગદાન આપેલ છે તેવું પત્રકારત્વ એ ગૌરવરૂપ સમાજનું અંગ ગણાય છે અને જેને ચોથી જાગીરનો દરજ્જો આપવામાં આવ્યો છે. તાજેતરમાં જ સુપ્રિમ કોર્ટે પણ ઠરાવ્યું હતું કે પત્રકારોને કોઈ વાત રજુ કરતા રોકી શકાય નહીં.

આમ ભારતીય સમાજ અને બંધારણમાં પણ જેમને સંપૂર્ણ સ્વાતંત્રય આપવામાં આવેલ છે અને મિડીયા પણ પોતાની ફરજ બજાવતું હોય કોઈપણ ઘટના બને તેમજ સમાજમાં સારા-નરસા બનાવો કે પ્રજાનાં પ્રશ્નો અંગે પણ સત્તાધિશોનાં કાન આમળવામાં પણ અખબાર પાછી પાની કરતું ન હોય તેમજ પત્રકારો અને મિડીયા પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવતું હોય છે ત્યારે સમાજનાં દર્પણ એટલે કે આઈનો ગણાતા માધ્યમોને દબાવવાની વાત તે કેટલે અંશે વ્યાજબી ગણાય. અને સાચા અહેવાલો અને જે ઘટના બની છે તે રજુ કરતા હોવા કરતાં પણ તેઓને ધમકાવવામાં આવે તે વ્યાજબી નથી તેવું પણ આમ સમાજમાં ચર્ચાઈ રહયું છે.

## મિડીયા કોઈના બાપની જાગીર નથી...

# જૂનાગઢનાં મિડીયા જગતે પણ હવે સમજી જવાની જરૂર છે

# કોઈના હાથા બનવા કરતા પત્રકારની સ્વતંત્ર ઓળખ બનાવો

### કેટલાક પત્રકારો જી-હજુરી કરવાનું બંધ કરે

જૂનાગઢ તા. ૨૭

સાધુ સંતોનાં વર્તમાન વિવાદમાં પત્રકારો અને મિડીયા જગત પણ એક પાર્ટી બની ગયું હોય તેવું ચિત્ર ઉપસી રહયું છે. જે મિડીયા થકી સાધુ સંતો તેમજ સમાજનાં તમામ વર્ગો, રાજકીય પક્ષો પોતાનો પક્ષ મુકે છે તે મિડીયા પણ હવે આક્રમણથી બચી શકયું નથી. હવે તો મિડીયાને પણ ખુલ્લેઆમ ધમકાવવામાં આવે છે. અને માત્ર પોતાની જ ફેવરમાં લખવા અને બીજાની વિરૂધ્ધમાં લખવા દબાણ કરવામાં આવે છે તે કેટલે અંશે યોગ્ય છે ? મિડીયા લોકશાહીની ચોથી જાગીર છે. ત્યારે મિડીયાને દબાવવાનો પ્રયાસ કરનાર પરીબળોએ એ સમજવાની જરૂર છે કે મિડીયા છે તો તમારી નોંધ લેવાય છે. બાકી કોઈ ભાવ પુછે પણ નહી ! ત્યારે પત્રકાર અને મિડીયા જગતે આસ એ સમજી જવાની જરૂર છે કે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરો, કોઈના હાથા બનવાની જરૂર નથી. કેટલાક જાણકારોનાં કહેવા મુજબ અમુક પત્રકારોની રોજીરોટી જ ધાર્મિક જગ્યા પર ચાલે છે. કેટલાક પત્રકારો તો ધાર્મિક જગ્યામાં પડયા પાથર્યા રહે છે. અને ધાર્મિક જગ્યાનાં પ્રવકતા તરીકે કામ કરે છે. આવા પત્રકારોને કારણે સમગ્ર મિડીયા જગત બદનામ થાય છે. રૂા. ૨૦૦-૫૦૦ની ભેટથી લઈ મહીને રૂા. ૫ થી ૨૦ હજારનાં હપ્તા પણ પત્રકારોને ચુકવાતા હોવાનું લોકોમાં ચર્ચાઈ રહયું છે. આ પ્રકારનું પત્રકારત્વ કેટલે અંશે વ્યાજબી છે ? તેની સંબંધીત લોકોએ આત્મમંથન કરવાની જરૂર છે.

# સોશીયલ મિડીયામાં જે પણ ખરાબ ખોટી વાતો જે લોકો ફેલાવી રહયા છે તે પણ જોઈ લેજો હો ભાઈ.. મજા નહી આવે... : મહેન્દ્રાનંદગીરીની ખુલી ધમકી



જૂનાગઢ તા. ૨૭


લાખો શ્રધ્ધાળુઓનાં આસ્થાનું કેન્દ્ર રહેલા જૂનાગઢ શહેર નજીક ભવનાથ વિસ્તારમાં આવેલ ભવનાથ મહાદેવ મંદિરનાં મહંતનો વિવાદ તેની પરાકાષ્ઠાએ પહોંચી ગયો છે.

સંસારીઓની જેમ સાધુઓના જુથ વચ્ચે ઉગ્ર લડાઈ જામી પડી છે તે જોઈને ભાવિકો દુઃખી દુઃખી થઈ ગયા છે. અનેક લોકોની અપીલ છતાં સાધુ સંતો નમતું જોખવા તૈયાર નથી અને લડાઈ ઉગ્ર બની રહી છે. દરરોજ સાધુ સંતોનાં જુથો દ્વારા એક-બીજા વિરૂધ્ધ આક્ષેપો-પ્રતિઆક્ષેપોની ભરમાર ચાલી રહી છે. હરીગીરી વિરૂધ્ધ મહેશગીરી, બ્રહ્મલીન સંત તનસુખગીરી બાપુનાં વારસદારો વિરૂધ્ધ પ્રેમગીરીની મહંત તરીકે વરણી તેમજ ભવનાથ ક્ષેત્રનાં વિવિધ મહંતો સરકડીયા હનુમાનનાં મહંત, ખાખી મઢીના મહંત તેમજ વિવિધ સંપ્રદાયનાં સાધુ સંતો દ્વારા સતત એકબીજા વિરૂધ્ધ નિવેદન કરવામાં આવી રહયા છે ત્યારે ગઈકાલે મુચકુંદ મહાદેવ મંદિર ખાતે મહેન્દ્રાનંદગીરીએ પત્રકાર પરીષદ બોલાવી હતી. જેમાં મહેન્દ્રાનંદગીરીએ ચોખ્ખી ધમકી આપી હતી કે સોશયલ મીડીયામાં બેબુનીયાદ ખરાબ વાતો જે લોકો ફેલાવી રહયા છે તે પણ જોઈ લેજો હો ભાઈ ! મજા નહી આવે, જે વાતો તમે જાણતા નથી તેનું કેવી રીતે બોલી શકો, લખી શકો ? આ મુદે અમે વકીલોને બોલાવવાનાં છીએ. જે પણ લોકોએ ભવનાથ વિરૂધ્ધ, હરીગીરી વિરૂધ્ધ જેટલું લખ્યું છે કે બોલ્યા છે તેના માટે કાયદાને ધ્યાનમાં રાખી વકીલોની સલાહ લઈ કાયદાકીય પગલાં લેવાશે.

મહેન્દ્રાનંદગીરીએ હરીગીરીનો બચાવ કરતા તેમનાં વિરોધી લોકોને શાનમાં સમજી જવા જણાવ્યું હતું. અને સોશીયલ મિડીયામાં આવી રહેલા લખાણ અંગે પણ કાયદાકીય કાનુની પગલા ભરવાની ચીમકી આપી હતી.

# હરીગીરીએ ભવનાથ મંદિરને આધાર પુરાવા વિના જ પચાવી પાડ્યું હોવાનો અમરગીરીનો આક્ષેપ

### ભવનાથ મંદિરનો ગાદીનો વિવાદ સતત વકરી રહ્યો છે, સાધુઓના જુથો વચ્ચે ભારે વિખવાદ : સરકાર શું નિર્ણય લેશે તેના ઉપર તમામની મીટ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

પુરાણ પ્રસિધ્ધ ભવનાથ મહાદેવ મંદિરના વર્તમાન મહંત હરીગીરી મહારાજ વિરૂધ્ધ ગંભીર પ્રકારના આક્ષેપોનો મારો સતત ચાલી રહ્યો છે. એક તરફ ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરી દ્વારા હરીગીરીની મહંત તરીકેની નિમણુંકને ગેરકાયદેસર ગણાવી અને આ નિમણુંક તાત્કાલીક અસરથી રદ કરવાની માંગણી સતત થઈ રહી છે. તો બીજી તરફ ભવનાથ મંદિરના પૂર્વ મહંત રઘુનાથગીરીના શિષ્ય અમરગીરી પણ મેદાનમાં આવ્યા છે અને તેઓએ વાયરલ કરેલા વિડીયોમાં સ્પષ્ટ જણાવેલ છે કે ભવનાથ મંદિર કોઈપણ જાતના આધારપુરાવા વગર હરીગીરીએ પચાવી પાડયા હોવાનો આક્ષેપ કરતા સનસનાટી ફેલાઈ ગઈ છે. અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ શરૂ થયેલા ગાદી- વારસાના વિવાદમાં વધુ એક સાધુએ ઝંપલાવ્યું છે. તેમણે વીડિયો વાઈરલ કરીનેએવી દહેશત વ્યકત કરી છે કે, જો ગુજરાતના સંતો એક નહી થાય તો ગિરનાર અને નાના -નાના મંદિરોનો કબ્જો યુપીના સંતોના હાથમાં જતો રહેશે. પોતાના વાઈરલ કરેલા વીડિયોમાં અમરગિરીએ જણાવ્યું છે કે તે ભવનાથના બ્રહ્મલીન સંત રઘુનાથગીરીના શિષ્ય છે. તેઓ ૧૦ વર્ષથી હાઈકોર્ટમાં લડત કરી રહ્યા છે. આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, હાલના મહંત હરિગીરી યુપીના વતની છે અને તેઓ ગુરૂ- શિષ્ય પરંપરામાં આવતા નથી. તેઓ તેરા મઢીના છે, ગિરનાર જોડે તેમને કોઈ સંપર્ક નથી, કોઈ આધાર પુરાવા નથી છતાં આ મંદિર પચાવી પાડ્યું છે. મંદિરમાં અનેક ગુજરાતી સંતો-મહાત્માઓ છે. છતાં ગુજરાતમાંથી ગમે તેમ કરીને, પૈસાની લેતી દેતી કરીને, ધાકધમકી આપીને ભગાડી દે છે. અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુના દેહવિલય બાદ યુપીના મહાત્માએ બળજબરીથી કબ્જો કરીને મહંત પ્રેમગીરીની ચાદર વિધી કરાવી તે ન્યાયમાં આવતું નથી.ખરેખર તો ગુરૂ - શિષ્ય પરંપરામાં આવે તેને જ ગાદી મળવી જોઈએ. ગુરૂ- શિષ્ય પરંપરા વર્ષોથી ચાલી આવે છે છતાં યેનકેન પ્રકારેણ હરિગીરીએ ચાદરવિધી ખોટી રીતે કરી છે. મહેશગીરી મહારાજ અવાર નવાર અવાજ ઉઠાવે છે તે સાચા માણસ છે. ગિરનાર અને સનાતન ધર્મનું અહિત ન થાય, ગુરૂ- શિષ્ય પરંપરાને લાંછન ન લાગે તે માટે તેઓ લડત આપી રહ્યા છે. અધિકારીઓ ખોટા નથી હોતા પરંતુ કેટલાક સાધુ- સંતો લાંચ રૂશ્વત આપીને ખરાબ કરે છે. ત્યારે જો હવે ગુજરાતના સાધુ-સંતો એક નહિ થાય તો ગિરનાર, નાના મંદિરોનો કબ્જો યુપીના સંતોના હાથમાં જતો રહેશે તેમ વાઈરલ વીડિયોમાં અમરગીરીએ જણાવ્યું છે.

## ગલીયાવડ-મજેવડી રોડ પર છકડો રીક્ષા હડફેટે બાઈક ચાલકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ તાલુકા પોલીસ મથકે ભાવિનભાઈ ગોવીંદભાઈ વંશે છકડો રીક્ષા નં.જીજે-૧-વી-૭૭૨૮ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાવાળી છકડો રીક્ષા પુરપાટ ઝડપે બેદરકારી પુર્વક ચલાવી ફરીયાદીના પિતાના મોટર સાયકલને ઠોકર મારી માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ


શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

દુકાન / ગોડાઉન વેચાણ - ભાડે
જૂનાગઢનાં હાર્દસમા વિસ્તાર પંચહાટડી ચોક અને મહાલક્ષ્મી સ્ટ્રીટ રોડ ટચ દુકાન તથા ગોડાઉન ભાડે તથા વેચાણથી લેવા માટે મળો...
નવું બાંધકામ
: સંપર્ક :
મો. ૯૮૯૮૩ ૧૮૦૪૮
મો. ૯૬૬૨૬ ૦૦૦૦૧
: સંપર્ક સમય :
સવારે ૧૨-૦૦ થી સાંજે ૮-૦૦ સુધી
ઈચ્છુક પાર્ટીએ જ સંપર્ક કરવો...

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૩૫૧૨૩

ટુવ્હીલરનું લાયસન્સ હોવું જરૂરી
રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશેઆઈસ કેકનાં
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨